dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-72 | AD - 2025, Magshar Vad - 11 | Monday, Dt.15-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ઓસ્ટ્રેલિયામાં તહેવાર મનાવી રહેલા યહૂદીઓ પર આતંકી હુમલો

# સિડનીના બોન્ડી બીચ પર થયેલા ભયાનક હુમલામાં ૧૨ લોકોના મોત



(એચ.એસ.એલ),સિડની,તા.૧૪

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રવિવારે બે બંદૂકધારીઓએ ગોળીબાર કરતા ભયાનક ચીસો સંભળાઈ અને લોકો ગભરાટમાં ભાગતા જોવા મળ્યા. વિવિધ મીડિયા અહેવાલોમાં ૧૨ લોકોના મોતનો દાવો કરવામાં આવ્યો છે. ઘણા પીડિતો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. વીડિયોમાં કેટલાક લોકોને જીવ બચાવવા માટે સીપીઆર આપવામાં આવી રહ્યા છે. ઘટનાસ્થળે નાસભાગ અને ચીસો પડી હતી. ગોળીબારથી ઘટનાસ્થળે અંધાધૂંધી ફેલાઈ ગઈ. લોકો ઝડપથી આશ્રય માટે દોડતા અને આશ્રય લેતા જોવા મળ્યા. અન્ય વીડિયોમાં સુરક્ષા દળો જવાબદારી સંભાળતા જોવા મળ્યા. ગોળીબાર પછી ઘટનાસ્થળે ચીસો અને ગભરાટ ફેલાયો હતો.

ન્યુ સાઉથ વેલ્સ પોલીસે જણાવ્યું હતું કે બોન્ડી બીચ પર એક ×ઘટના× ચાલી રહી હતી અને તેમણે લોકોને વિસ્તારથી દૂર રહેવા વિનંતી કરી હતી અને હાજર કોઈપણ વ્યક્તિને આશ્રય લેવા વિનંતી કરી હતી. પોલીસે પાછળથી પુષ્ટિ કરી હતી કે બે લોકો કસ્ટડીમાં છે, પરંતુ કાર્યવાહી હજુ પણ ચાલુ છે. પ્રત્યક્ષદર્શીઓ અને સોશિયલ મીડિયા પર ફરતા વીડિયો અનુસાર, કાળા પોશાક પહેરેલા બે બંદૂકધારી એક પુલ પર દેખાયા અને અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો. ઓછામાં ઓછા એક ડઝનથી ૫૦ ગોળીબારના અવાજો સાંભળવામાં આવ્યા હતા. લોકો બીચ પરથી ભાગતા જોવા મળ્યા હતા અને પોલીસ સાયરન વાગતી હતી. કેટલાક અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે હુમલો હનુક્કાહ (યહૂદી રજા) ઉજવણી દરમિયાન થયો હતો, જ્યાં બોન્ડીના ચાબાડ દ્વારા આયોજિત ×ચાનુક્કાહ બાય ધ સી× કાર્યક્રમ ચાલી રહ્યો હતો જેમાં લગભગ ૧૨ લોકો મૃત્યુ પામ્યા અને લગભગ ૨૯ લોકો ઘાયલ થયા હોવાનો રિપોર્ટ છે, જેમાં પોલીસ અધિકારીઓ અને બાળકો પણ સામેલ છે. પોલીસે અફવાઓ ફેલાવવા સામે ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે બીજે ક્યાંય કોઈ ઘટના બની નથી. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે, ×બોન્ડીના દ્રશ્યો આઘાતજનક અને દુઃખદ છે. ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર માઈકલ વોન આ હુમલામાં માંડ-માંડ બચ્યા છે. તેમણે રેસ્ટોરન્ટમાં છુપાઈને પોતાનો જીવ બચાવ્યો. તેમણે આ અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. એક વીડિયોમાં નોર્થ બોન્ડી બીચ પર ઘણી લાશો વિખરાયેલી જોવા મળી રહી છે. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે બંને હુમલાખોરોને ગોળી મારી. અધિકારીઓના જણાવ્યા મુજબ, એક હુમલાખોરનું મોત થયું છે, જ્યારે બીજો ગંભીર હાલતમાં છે.

# મેસ્સીના ભારત પ્રવાસના મુખ્ય આયોજક કોર્ટમાં હાજર : ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલાયા



(એચ.એસ.એસ),કોલકતા,તા.૧૪

ફૂટબોલ દિગ્ગજ લિયોનેલ મેસ્સીના જી.ઓ.એ.ટી ઈન્ડિયા ટૂર ૨૦૨૫ના પ્રમોટર અને મુખ્ય આયોજક શતાદ્રુ દત્તાને કોલકાતાની બિધાનનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સુનાવણી બાદ, કોર્ટે દત્તાને ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રવાસના આયોજન સંબંધિત બાબતો માટે આયોજકની તપાસ ચાલી રહી છે. આ સંદર્ભમાં તેમની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

પોલીસ હાલમાં આરોપીની પૂછપરછ કરશે અને સમગ્ર મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આવા કાર્યક્રમોમાં આવી વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં, આયોજકોએ સ્ટેડિયમની અંદર પાણીની બોટલો અને પીણાંના વેચાણને કેવી રીતે મંજૂરી આપી.

જોકે, કોર્ટની સુનાવણી દરમિયાન, દત્તાના વકીલે જણાવ્યું હતું કે તેમના ક્લાયન્ટને ખોટા કેસમાં ફસાવવામાં આવી રહ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આગામી ૧૪ દિવસની તપાસ દરમિયાન સત્ય બહાર આવશે. અગાઉ, જ્યારે દત્તાને કોર્ટમાં લાવવામાં આવ્યા હતા, ત્યારે ભાજપના સમર્થકોએ કોર્ટની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ફૂટબોલ સુપરસ્ટાર લિયોનેલ મેસ્સી અચાનક સ્ટેડિયમ છોડીને જતા રહેતા ગુસ્સે ભરાયેલા ચાહકોએ કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં અંધાધૂંધી ફેલાવી હતી.

# ચૂંટણી પંચ ભાજપ માટે કામ કરી રહ્યું છે : રાહુલ ગાંધીના સરકાર પર પ્રહાર

નવીદિલ્હી,તા.૧૪



રાહુલ ગાંધીએ એસઆઈઆર અને 'મત ચોરી' વિરુદ્ધ દિલ્હીના રામલીલા મેદાનમાં એક વિશાળ કોંગ્રેસ રેલીને સંબોધિત કરી. રેલી દરમિયાન, રાહુલ ગાંધીએ આરએસએસ અને ભાજપ પર આકરા પ્રહાર કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ ભાજપ માટે કામ કરી રહ્યું છે. 'મેં પ્રશ્નો પૂછ્યા પણ ચૂંટણી પંચે જવાબ આપ્યો નહીં.'લોકસભાના વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, 'જ્યારે હું અહીં આવી રહ્યો હતો, ત્યારે મને કહેવામાં આવ્યું કે મોહન ભાગવતે આંદામાન અને નિકોબારમાં એક નિવેદન આપ્યું હતું. ગાંધીજી કહેતા હતા કે સત્ય સૌથી મહત્વપૂર્ણ વસ્તુ છે. સત્યને આપણા ધર્મમાં સૌથી મહત્વપૂર્ણ વસ્તુ માનવામાં આવે છે. પરંતુ મોહન ભાગવતનું નિવેદન સાંભળો: 'દુનિયા સત્યને નહીં, પણ શક્તિને જુએ છે. જેની પાસે શક્તિ છે તેને સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે.' આ મોહન ભાગવતનો વિચાર છે, આ આરએસએસનો વિચાર છે. આપણી વિચારધારા, ભારત, હિન્દુ ધર્મ અને વિશ્વના દરેક ધર્મ કહે છે કે સત્ય સૌથી મહત્વપૂર્ણ વસ્તુ છે, પરંતુ મોહન ભાગવત કહે છે કે સત્યનો કોઈ અર્થ નથી; શક્તિ જ મહત્વપૂર્ણ છે. હું તમને ખાતરી આપું છું કે સત્યને લઈને અને તેની પાછળ ઊભા રહીને, આપણે નરેન્દ્ર મોદી, અમિત શાહ અને આરએસએસની સરકારને સત્તા પરથી દૂર કરીશું.'

રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું, 'ચૂંટણી પંચને મુક્તિ આપવા માટે એક નવો કાયદો લાવવામાં આવ્યો છે.




# બાંગ્લાદેશમાં ફરી હિંસા : ચૂંટણી પંચે વધારાની સુરક્ષાની માંગ કરી

(એચ.એસ.એલ),ઢાકા,તા.૧૪

બાંગ્લાદેશમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. બંદૂકધારીઓએ તાજેતરમાં આગામી સંસદીય ચૂંટણીઓ માટે એક ઉમેદવારને ગોળી મારી હતી. તાજેતરની હિંસામાં માર્યો ગયેલો વ્યક્તિ ગયા વર્ષે શેખ હસીના વિરુદ્ધ થયેલા હિંસક વિરોધ પ્રદર્શનોમાં અગ્રણી વ્યક્તિ હતો. આ પછી, ઘણી જગ્યાએ હિંસક વિરોધ અને આગચંપીની લહેર ફાટી નીકળી. આનાથી ચૂંટણી પંચ ચિંતાતુર બન્યું છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ચૂંટણી પંચે તેના વડા, અન્ય કમિશનરો અને અધિકારીઓ માટે વધારાની સુરક્ષાની વિનંતી કરી છે. રાજ્ય સંચાલિત સમાચાર એજન્સીએ શનિવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે, ×ચૂંટણી પંચે પોલીસ મહાનિરીક્ષકને પત્ર લખીને મુખ્ય ચૂંટણી કમિશનર , ચૂંટણી કમિશનરો અને ચૂંટણી પંચ સચિવાલયના વરિષ્ઠ અધિકારીઓ માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થાની વિનંતી કરી છે. ૧૩મી રાષ્ટ્રીય ચૂંટણી પહેલા પંચે તેના ગ્રાસરૂટ ઓફિસો માટે વધારાની સુરક્ષાની વિનંતી કરી છે. પંચે ચાર કમિશનરો અને વરિષ્ઠ સચિવ માટે ૨૪ કલાક પોલીસ સુરક્ષાની વિનંતી કરી હતી. ચૂંટણી પંચે ગુરુવારે જાહેરાત કરી હતી કે આગામી સંસદીય ચૂંટણીઓ આવતા વર્ષે ૧૨ ફેબ્રુઆરીએ યોજાશે.






**રાત-દિવસ બંધ રહેતા ફાટક નં. ૯૫ના કારણે ૫૦થી વધુ ખેડૂતોના જીવન અને ખેતી પર સંકટ**

# સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામના ખેડૂતો રેલવે ફાટકથી પરેશાન, આંદોલનની ચીમકી

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા તાલુકાના છેવાડે આવેલા ઘાંડલા ગામે રેલવે ફાટક નંબર ૯૫ ખેડૂતો માટે મોટી સમસ્યા બની ગયું છે. આ ફાટક સામાન્ય રીતે રાતના ૮ વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધી સંપૂર્ણ બંધ રહે છે. દિવસ દરમિયાન પણ કોઈ વાહન વ્યવહાર ન હોય તો ફાટક બંધ રાખવામાં આવે છે, જેના કારણે લોકોને પગપાળા રેલવે પાટા ઓળંગવાની ફરજ પડે છે. ફાટકના સામે કાંઠે ૫૦થી વધુ ખેડૂતોની ખેતી જમીન આવેલી છે, જ્યાં ભાગીયા પરિવાર સાથે રહે છે. રાત્રે અચાનક દવાખાને જવાની જરૂર પડે તો ખેડૂતો ગંભીર મુશ્કેલીમાં ફસાઈ જાય છે. તાજેતરમાં ડીલીવરી નજીક હોવા છતાં ફાટક ન ખૂલતા એક ભાગીયા પરિવારને ખેતી છોડી અન્યત્ર જવું પડ્યું છે. સવારના ૮ થી સાંજના ૮ સુધી માત્ર એક જ ફાટકમેન હાજર હોય છે, જે રાત્રે લોક કરી ચાલ્યો જાય છે. ગ્રામ પંચાયત અને આગેવાનોએ રજૂઆત કરી હોવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. હવે ખેડૂતો રેલવે તંત્ર સામે કડક પગલાંની ચીમકી આપી રહ્યા છે.



તસવીર : સૌરભ દોશી

**સવારના ૮ થી સાંજના ૮ સુધી માત્ર એક જ ફાટકમેન હાજર હોય, જે રાત્રે લોક કરી ચાલ્યો જાય છે**

**:: ખેડૂતોની માંગ ::**

દિવસ-રાત જરૂર પડે ત્યારે બંધ રહેલું ફાટક ખોલવામાં આવે અને ૨૪ કલાક ફાટકમેનની વ્યવસ્થા પણ કરવામાં આવે. જો આ બાબતે તાત્કાલિક કાયમી ઉકેલ ન આવે તો આંદોલન કરવાની પણ ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે. રેલવે અને સ્થાનિક નેતાઓ દ્વારા તાત્કાલિક હસ્તક્ષેપ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરાઈ છે.

# ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના 'અભિવાદન સમારોહ'માં ત્રણ મંત્રીઓનું બાબરાના દલિત યુવા આગેવાન દ્વારા સન્માન કરાયું

અમરેલી,તા.૧૪


ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચા, ગુજરાત પ્રદેશ દ્વારા આયોજિત "અભિવાદન સમારોહ" માં ગુજરાત સરકારના ત્રણ મંત્રીઓનું બાબરા તાલુકાના દલિત યુવા આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. બાબરા તાલુકાના દલિત યુવા આગેવાન કિરીટભાઈ બગડા અને તેમની ટીમ દ્વારા મંત્રીઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. જે મંત્રીઓનું સન્માન કરાયું તેમાં ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા, રાજ્યકક્ષાના શહેરી અને વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલા અને રાજ્યકક્ષાના બાળવિકાસ (સ્વતંત્ર હવાલો) મંત્રી મનિષાબેન વકીલનો સમાવેશ થાય છે. સન્માન કરનાર દલિત સમાજના યુવાનોમાં કિરીટભાઈ બગડા, કુવરગઢ સરપંચ પ્રકાશભાઈ પરમાર, વલારડી દલિત યુવા આગેવાન જયરાજભાઈ પરમાર, પીટીશન રાઈટર અનિલભાઈ બગડા, પીટીશન રાઈટર નિલેશભાઈ બગડા, પંકજભાઈ રેવર, આર્યનભાઈ ચૌહાણ અને અભયભાઈ બગડાનો સમાવેશ થાય છે.



# ટીંબીના જાગૃત નાગરિકે ગામમાં ગૌચર જમીન દબાણ અને માપણીની સમસ્યા ઉકેલવા માગ કરી

ટીંબી,તા.૧૪

ટીંબીના જાગૃત ખેડૂતપુત્ર ઘનશ્યામભાઈ ભાલાળાએ ગામની ગૌચર જમીન દબાણ અને જમીન માપણીનું કામ કમોસમી વરસાદ અને કોઈ અનિવાર્ય સંજોગોમાં જૂન/જૂલાઈ મહિના પછી અધુરું રહેલ છે તેને પૂર્ણ કરવા માગણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ગૌચર જમીનમાં ઘણા આસામીઓએ પાકા મકાન, બગીચા અને ખેતીલાયક જમીનનું દબાણ કરેલ છે. આથી ખેડૂતોના ઘણા રસ્તા પણ બ્લોક થઈ ગયા છે. પશુપાલકો અને માલધારી સમાજની રોજીરોટી છીનવાઈ ગઈ છે. તેને લીધે મજૂરો, પશુપાલકો, માલધારી સમાજને મુખ્ય કામ બંધ કરી બહાર હિજરત કરવાનો વારો આવી રહ્યો છે. આ બાબતે અનેક વખત લેખિત-મૌખિક રજૂઆતો તંત્રને કરી છે. ગામથી લઈને ગાંધીનગર સુધી રજૂઆત કરી છે. ટીંબી ગામની ગૌચર જમીન દબાણ અને જમીન માપણી બાબતે જો ટૂંક સમયમાં આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો તેમણે ખેડૂતો, પશુપાલકો, માલધારીઓ સાથે હાઈકોર્ટમાં જવાની તૈયારી દર્શાવી છે.



# ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી દામનગરની ત્રણ સોસાયટીઓનો નગરપાલિકામાં સમાવેશ

લાઠી,તા.૧૪



લાઠી, બાબરા અને દામનગરના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પોતાના મતવિસ્તારમાં સતત કાર્યદક્ષ કામગીરી કરીને જનતાના સાચા પ્રતિનિધિ તરીકે ઓળખ ઊભી કરી રહ્યા છે. દામનગરની અક્ષર સોસાયટી, જે.ડી. પાર્ક સોસાયટી અને અમી પાર્ક સોસાયટી નગરપાલિકાની હદ બહાર હોવાથી અહીંના રહીશો વર્ષોથી મૂળભૂત સુવિધાઓથી વંચિત હતા. સોસાયટીના અગ્રણીઓની રજૂઆત બાદ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જાત નિરીક્ષણ કરી નગરપાલિકામાં સમાવેશ માટે આવતી અડચણો દૂર કરી સરકારમાંથી મંજૂરી મેળવી છે. પરિણામે ત્રણેય સોસાયટીઓનો નગરપાલિકામાં સમાવેશ થતા હવે નળ, ગટર, પાણી, સ્ટ્રીટલાઈટ તથા રોડ જેવી સુવિધાઓ મળશે. આ સુવિધાથી રહીશોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

# સાવરકુંડલામાં મમતાઘરના સ્થાપક મંજુલાબેન દુધરેજીયાના જન્મદિવસની અનોખી ઉજવણી

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા શહેરના શ્રી સદગુરુ સેવા ટ્રસ્ટ સંચાલિત મમતાઘરના સ્થાપક મંજુલાબેન દુધરેજીયાના જન્મદિવસની આજે અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભ કાળે મહામંડલેશ્વર જશુબાપુ (હીપાવડલી વાળા) ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. આ કેમ્પના પ્રારંભમાં બાળકોને સાંસ્કૃતિક પ્રોગ્રામના ઈનામ અને બાળકોને ટી શર્ટનું વિતરણ કરવામાં આવ્યું. સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પણ મુલાકાત લીધી હતી.



# જાફરાબાદના મીતીયાળામાં તપસ્વી આશ્રમ ખાતે વિનામૂલ્યે નેત્ર, આયુર્વેદિક અને દાંતનો કેમ્પ યોજાયો

જાફરાબાદ, તા.૧૪

જાફરાબાદના મીતીયાળા નજીકના તપોવન ટેકરી તપસ્વી આશ્રમ ખાતે ફ્રી નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫૦ કરતા વધારે દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં અમરેલી સુદર્શન નેત્રાલય દ્વારા મોતિયા, ઝામર તેમજ દૂર અને નજીકના નંબરના ચશ્મા આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૩૫ જેટલા દર્દીઓને ઓપરેશનની જરૂર જણાતા તેઓને ઓપરેશન માટે સુદર્શન નેત્રાલય હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. આ તમામ દર્દીઓને ઓપરેશનની સગવડતા પણ ફ્રીમાં જ આપવામાં આવે છે. આયુર્વેદિક ડો. જિંજાળા દ્વારા એસીડીટી, કબજિયાત, ચામડીના રોગો, ખરજવું, ખસ, વાઢીયા જેવા રોગોની તપાસ કરી દવા આપવામાં આવી હતી.



# જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લાના ઉદ્યોગકારો અને વેપારી સંગઠનો સાથે બેઠક યોજાઈ

અમરેલી તા. ૧૪

રાજકોટ ખાતે ૧૦ થી ૧૨ જાન્યુ-૨૦૨૬ ના રોજ યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) ના ઉપલક્ષમાં અમરેલી ખાતે આગામી તા. ૨૬ ડિસેમ્બરના રોજ શહેરના શ્રીમતી શાંતાબા ઓડિટોરીયમ ખાતે ડિસ્ટ્રીક્ટ લેવલ પ્રોગ્રામ (DLP) યોજાશે. આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી સેવાસદન ખાતે એક બેઠક યોજાઈ હતી. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સાથે જિલ્લાના ઉદ્યોગકારોએ આ બેઠકમાં કાર્યક્રમ સંદર્ભે ચર્ચા કરી હતી. આ બાબતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર સતિશ ભાટીયાએ રાજકોટ ખાતે યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત રિજીયોનલ કોન્ફરન્સ અંતર્ગત આયોજિત જિલ્લા સ્તરીય આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના ઉદ્યોગકારો-વેપારી સંગઠનોને આવકારવામાં આવ્યા છે. આ કાર્યક્રમના માધ્યમથી રાજકોટ ખાતે યોજાનાર કાર્યક્રમનું પ્લેટફોર્મ તૈયાર થશે. કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને પ્રભારી સચિવ સંદિપ કુમારની ઉપસ્થિતિમાં વેપારની નવી તકો અને રોજગારીના નવસર્જન અર્થે MoU કરવામાં આવશે.

# લીલીયા મોટાના રામજી મંદિરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ યોજાશે

લીલીયા,તા.૧૪

લીલીયાના રામજી મંદિરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સમગ્ર ગ્રામજનો દ્વારા ૧થી તારીખ ૩ જાન્યુઆરી ૨૦૨૬ ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ સફળ બનાવવા રામજી મંદિર ખાતે મિટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં શહેરની વિવિધ જ્ઞાતિ સંગઠનના હોદેદારો, સામાજિક અને ધાર્મિક સંસ્થાના હોદેદારો અને ગ્રામજનોએ સમગ્ર આયોજનને સફળ બનાવવા આર્થિક યોગદાન પણ જાહેર કરેલ. કાર્યક્રમમાં શહેરની બહાર ધંધાર્થે સ્થાયી થયેલા લોકોને પણ આમંત્રણ પાઠવવામાં આવશે તેમ આયોજક તરફથી જણાવવામાં આવ્યું છે.












પાકિસ્તાન જતા રહેલા પરિવારની

# બગસરામાં ખોટી વારસાઈ નોંધાવી મિલકત પચાવી પાડવાનું કૌભાંડ

**બગસરા પોલીસને ગુનો નોંધવા અરજી કરવામાં આવી**

બગસરા,તા.૧૪

બગસરા શહેરમાં વર્ષો જૂની મિલકત જેના વારસદારો પાકિસ્તાન ચાલ્યા ગયેલ છે તે મિલકતને ખોટી રીતે વારસાઈ કરી વેચી નાખવાનું કૌભાંડ પોલીસને અરજી કરવામાં આવતા બહાર આવ્યું છે.

મળેલ માહિતી મુજબ બગસરા શહેરમાં આવેલ નદીપરા વિસ્તારમાં આવેલ મોહમ્મદભાઈ યુસુફભાઈ હિરાણીની મિલકત વર્ષો સુધી કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગ પાસે ભાડાપટે રહેલી હતી. મૂળ માલિકનું ૧૯૮૩ માં મૃત્યુ થયેલું જેના દસ વારસદારો પૈકી મોટાભાગના હાલ પાકિસ્તાનમાં વસવાટ કરી રહ્યા છે. પરંતુ મુંબઈ ખાતે રહેતા હાતિમભાઈ મોહમ્મદભાઈ હિરાણીએ ખોટા સોગંદનામા કરી પોતે એક જ વારસદાર હયાત હોવાનું બતાવી તમામ મિલકત પોતાના નામે ચડાવી દીધેલ છે. આ ઉપરાંત માતા-પિતાના નામમાં ભૂલ સુધારવા માટે ખોટા ગેજેટ પણ પ્રસિદ્ધ કરેલ છે. મોટાભાગે જે મિલકતના વારસદારો દેશ છોડી પાકિસ્તાન કે અન્ય શત્રુ દેશમાં વસતા હોય તેમની મિલકત સરકારની ગણાય છે. તેમ છતાં આ મિલકતને વેચવા માટેનો કારસો ઘડી તેના બાંધકામની પરવાનગી મેળવવા માટે પણ કાર્યવાહી કરવામાં



આવી હતી. જે નગરપાલિકાને ધ્યાને આવતા બાંધકામ પરવાનગી નકારવામાં આવતા સમગ્ર પ્રકરણ બહાર આવ્યું હતું. આ ઉપરાંત મૃતક મહમદભાઈ હીરાણીના નામના ખોટા સોગંદનામા તેમના મૃત્યુ પછી પણ કરવામાં આવેલ છે. અરજદાર અકીલભાઈ વખારીયાએ આ સમગ્ર પ્રકરણ જિલ્લા કલેક્ટર અમરેલી તેમજ બગસરા પોલીસ સ્ટેશનને રજૂ કરી શત્રુ સંપત્તિ અધિનિયમ ૧૯૬૮ મુજબ વેચાણ કોઈ કરી શકે નહીં તેમ છતાં આ મિલકત વેચવાનો પ્રયત્ન કરેલ છે તો ગુનો દાખલ કરી સમગ્ર મિલકત સરકાર હસ્તક કરે તેવી માંગ કરેલ છે.

**પાકિસ્તાનમાં રહેતા લોકો જેની સંપત્તિ ભારતમાં હોય તેને શત્રુ સંપત્તિ ગણવામાં આવે છે તેમજ શત્રુ સંપત્તિ અધિનિયમ ૧૯૬૮ મુજબ તે સંપત્તિ પર સરકારનો હક ગણાય છે જેને ખરીદવી કે વેચવી કાયદેસરનો ગુનો ગણાય છે.**

**ખોટા સોગંદનામા કરી શત્રુ સંપત્તિને દસ વારસદારો પૈકી એકના નામે તમામ સંપત્તિ કરવામાં અધિકારીઓ તેમજ વકીલોની પણ સંડોવણી બહાર આવે તેમ છે તેથી સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ કલેક્ટર કચેરી કરે તે જરૂરી છે.**

## જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ

અમરેલી તા. ૧૪

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે અમરેલી જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી. બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી પઢિયારે પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરી હતી.

## ધારી પંથકના પરપ્રાંતીય મજૂરોની માહિતી માટે પોલીસ દ્વારા સરપંચોને ફોર્મનું વિતરણ

ધારી,તા.૧૪

ધારી પંથકમાં પરપ્રાંતીય મજૂરો મોટી સંખ્યામાં મજૂરીકામ અર્થે આવેલા છે. સૌરાષ્ટ્રના અનેક ગામોમાં ભૂતકાળમાં હત્યા, ચોરી જેવા બનાવ પ્રકાશમાં આવ્યા છે ત્યારે આવા બનાવ અટકાવવા માટે મજૂરો વિશેની માહિતી પણ રાખવી એ આપણી નૈતિક ફરજ છે. આવા બનાવ ભવિષ્યમાં ન બને એ માટે ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાના માર્ગદર્શનથી મજૂરોની વિગત સાચવવા અને ગુનાખોરી ડામવામાં મદદરૂપ થવાના હેતુસર પરપ્રાંતીય મજૂર ઓળખ ફોર્મ રાજકીય અને સામાજિક આગેવાન જીતુભાઈ શેલડીયા-સરસીયા દ્વારા ધારી પોલીસને આપવામાં આવેલ છે.



જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની હાજરીમાં ડીવાયએસપી ગઢવીએ આજરોજ દસ હજાર કોપી ફોર્મ સરપંચોને આપ્યા છે. પોલીસે ધારી તાલુકાના સરપંચોને ધારી પોલીસ સ્ટેશન ખાતે લોક દરબારમાં માહિતગાર કરી ઓળખ ફોર્મનો પુરેપુરો ઉપયોગ કરી સહકાર આપવા જણાવ્યું હતું.

## જિલ્લામાંથી આઠ પ્યાસી પકડાયા

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળેથી આઠ પ્યાસીને ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. જ્યારે પાંચ લોકો પાસેથી આઠ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો.પોલીસની કાર્યવાહીથી પ્યાસીઓમાં ફફડાટ ફેલાયો છે.

## ચૂલો પેટાવવા જતા મહિલા દાઝી ગઈ

અમરેલી,તા.૧૪

અમરેલીના માંગવાપાળ ગામે એક મહિલા ચૂલો પેટાવવા જતાં ભડકો થયો હતો જેના કારણે દાઝી ગઈ હતી. આ અંગે રસીલાબેન સવજીભાઈ ગજેરા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તેઓ દિવાબતી કરતા હતા અને દિવો કરવા માટે ગેસના ચૂલામાં ઘી ગરમ કરવા માટે લાઈટર વડે ચૂલો પેટાવવા જતાં ભડકો થતાં દાઝી ગયા હતા.

## વાપાળીયા શાળાના વિદ્યાર્થીએ ચેસમાં તાલુકા સ્તરે પ્રથમ સ્થાન મેળવ્યું



જાફરાબાદ,તા.૧૪

શ્રી વાપાળીયા પ્રાથમિક શાળાના ધોરણ ૭માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થી રાજવીર ભરતભાઈ મહિડાએ અંડર-૧૪ તાલુકા કક્ષા સાંસદ ખેલ મહોત્સવમાં ચેસ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું નામ ઉજાગર કર્યું છે. હવે તે જિલ્લા કક્ષાએ જાફરાબાદ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. આ માટે શાળા પરિવાર દ્વારા તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## અવસાન નોંધ

**બગસરા**

ગં.સ્વ.લલિતાબેન કલ્યાણજીભાઈ ગઢીયા(ઉ.વ.૯૬)નું તા.૧૩/૧૨/૨૦૨૫ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે રમેશભાઈ, રતિભાઈ (જેતપુર), મહેશભાઈ, જયશ્રીબેન જેચતીલાલ માંડલયા(અમરેલી)ના માતૃશ્રી થાય છે.

**અમરેલી**

સ્વ.વિનોદભાઈ વાસુદેવભાઈ ભટ્ટ(ઉ.વ.૭૫)નું તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે કશ્યપભાઈ અને કલ્પનાબેન ચજ્ઞેશભાઈ જોષીના પિતા, મધુબેનના પતિ, સ્વ.દિપકભાઈ અને વિજયભાઈના મોટાભાઈ તથા સોનલબેનના સસરા થાય છે. તેમનું બેસણુ તા.૧૫મીએ બપોરે ૩:૩૦થી ૫:૩૦ સુધી ૪૫, શ્રીજીનગર, નંદલાલ ભુતા સ્કૂલની પાછળ, સિહોર ખાતે રાખેલ છે.


ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીંગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૫૪/૨૫ — તા.૦૩/૧૨/૨૦૨૫

**વિવાદી :-** શ્રી જાગુતિબેન તુલસીભાઈ સોલંકી
ઠે.ધામેલ, તા.લાઠી, જી.અમરેલી,
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.ધામેલ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ધામેલ ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૨ ના રોજ ધામેલ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦/૧૧/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૩૯/૨૫ — તા.૨૭/૧૧/૨૦૨૫

**વિવાદી :-** શ્રી અંસારી જાહીદભાઈ ફસીઅહમદ
મુ.સાવરકુંડલા, જી.અમરેલી, મો.૯૪૨૬૪ ૮૭૧૮૭
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૦/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૨૬/૨૦૨૫

**અરજદાર :-** શ્રી કિશોરકુમાર કાંતિલાલ મહેતા
રહે.ચિતલ રોડ, ઓમનગર, ગિરિરાજનગર
શેરી નં. ૩/૪, અમરેલી, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. મોણપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોણપુર ગામમાં અરજદારશ્રી કિશોરકુમાર કાંતિલાલ મહેતા તેઓના ભાઈ આશિષકુમાર કાંતિલાલ મહેતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૮૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૩૬/૨૦૨૫

**અરજદાર :-** શ્રી વિનુભાઈ પ્રેમજીભાઈ પાનસુરિયા
રહે. વિઠ્ઠલપુર ખંભાળિયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. વિઠ્ઠલપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળિયા ગામમાં અરજદારશ્રી વિનુભાઈ પ્રેમજીભાઈ પાનસુરિયા તેઓના નાના ભાઈ જયંતિભાઈ પ્રેમજીભાઈ પાનસુરિયાની જન્મ (તા.૦૧/૧૦/૧૯૬૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૧/૨૫ — તા.૦૩/૧૨/૨૦૨૫

**વિવાદી :-** શ્રી ભરતભાઈ મગનલાલ શાહ
મુ.દામનગર, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૦૧૬૮ ૮૫૬૧૧
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા-એડવોકેટ

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પૌત્ર મીત પીયુશભાઈ શાહનો જન્મ તા.૨૪/૦૫/૨૦૦૯ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૫૩/૨૫ — તા.૦૩/૧૨/૨૦૨૫

**વિવાદી :-** શ્રી નીલમબેન કાળુભાઈ સોલંકી
ઠે.ધામેલ, તા.લાઠી, જી.અમરેલી,
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.ધામેલ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ધામેલ ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૨૬/૦૭/૨૦૦૨ ના રોજ ધામેલ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦/૧૧/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**અમરેલી તાલુકાના નાના ગોખરવાળા મુકામે અંદાજે રૂ. ૨૦ લાખના ખર્ચે ગ્રામ પંચાયતનું ખાતમુહૂર્ત પણ કરાયું**

# અમરેલીના સોનારીયામાં નવનિર્મિત આરોગ્ય સબ સેન્ટરનું લોકાર્પણ કરતા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા

અમરેલી તા. ૧૪

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ અમરેલી તાલુકાના સોનારીયા મુકામે નવનિર્મિત આરોગ્ય સબ સેન્ટરનું રાજ્યના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે રાજ્યમંત્રીએ અંદાજે રૂ. ૪ લાખના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું હતું. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ગ્રામજનોને સંબોધન કરતા જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં શહેરી અને ગ્રામ્યકક્ષાએ સતત અને અવિરત વિકાસકાર્યો





શરૂ છે. વિકાસના દરેક કામ ગુણવત્તાલક્ષી ધોરણે કરવામાં આવે તે અમારી પ્રાથમિકતા છે. જનસામાન્યને પણ મોટી બીમારી સમયે મદદ મળે તે માટે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ આયુષ્માન કાર્ડ મારફત રૂ. ૧૦ લાખની સહાય પુરી પાડવામાં આવે છે. રાજ્યમંત્રીએ દરેક ગ્રામજનોને આયુષ્માન કાર્ડ કઢાવવા માટે અનુરોધ કર્યો હતો.

અમરેલીના નાના ગોખરવાળા મુકામે અંદાજે રૂ. ૨૦ લાખના ખર્ચે નવનિર્મિત થનાર ગ્રામ સચિવાલયના નવા મકાનની કામગીરીનું રાજ્યના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિવિધ વિકાસકામોના લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ બગડા, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, સભ્યો, ગ્રામ પંચાયત સરપંચ જીલુભાઈ ધાધલ સહિત પંચાયત સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધારીની સગીરાને બગસરાના યુવકે ફોનમાં વાત કરવા દબાણ કર્યું

**સંમતિ વગર ગળધરા ખોડિયાર લઈ ગયો**

ધારી, તા.૧૪

ધારીના પ્રેમપરામાં રહેતી એક સગીરાને બગસરાનો યુવક ફોનમાં વાત કરવા દબાણ કરતો હતો. તેમજ સંમતિ વગર ગળધરા ખોડિયાર ડેમ લઈ ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ બગસરામાં રહેતા સુરેશભાઈ જયંતિભાઈ ઉનાવા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી તેમની સગીર પુત્રીનો પીછો કરતો હતો. તેમજ ખરાબ ઈશારા કરી ધમકી આપતો હતો. ઉપરાંત તેમના વાલીપણમાંથી સંમતિ વગર ગળધરા ખોડિયાર ડેમે લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એસ.એસ. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

## જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યાએ રાજુલા તાલુકાની મુલાકાત લીધી

રાજુલા, તા.૧૪

સરકાર દ્વારા ચાલતી યોજનાઓ અને વિકાસના કામોને વધુ વેગવંતા બનાવવાના ઉત્તમ ઉદ્દેશ સાથે અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યાએ રાજુલા તાલુકાની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જયારે પંચાયત, આરોગ્ય, આંગણવાડી અને શિક્ષણ વિભાગના અધિકારીઓ



અને કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. રાજુલા તાલુકાના છતડીયા, ભચાદર, નીંગાળા-૧ અને દેવકા ગામે વિઝીટ કરી હતી. જેમાં ૧૫ મા નાણાપંચમાં કરેલ વિકાસના કામોની પરીમલ પંડ્યાએ રૂબરૂ સ્થળ મુલાકાત કરી નિરીક્ષણ કર્યું હતું.જયારે સ્કૂલ, આંગણવાડી અને ગ્રામપંચાયતની વિઝીટ કરી વિભાગો દ્વારા કરવામાં આવનાર કામગીરી બાબતે રીવ્યુ મિટિંગ કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમજ મનરેગા યોજના તળે આર્થિક રોજગારીની સમીક્ષા કરી હતી. સગર્ભા માતાઓ અને બાળકોને અપાતી આરોગ્ય સેવાઓ બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું.

## સાવરકુંડલાના બોરાળા ગામે મઢનું તાળું તોડી ૧.૭૦ લાખની ચોરી

**રોકડા ૨૦ હજાર પણ ઉઠાવતા ગયા**

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલાના બોરાળા ગામે એક માતાજીના મઢને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરો રોકડા ૨૦ હજાર સહિત કુલ ૧.૭૦ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘનશ્યામભાઈ નાથાભાઈ દુધાત (ઉ.વ.૪૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, અજાણ્યો ઈસમ બોરાળા ગામે ખોડલ માતાના મઢના દરવાજાનું તાળું તોડી રોકડા રૂ.૨૦,૦૦૦, સોના-ચાંદીના દાગીના તથા છતર-પાદુકા મળી કુલ ૧,૭૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

## વડીયાના શ્રી સ્વામિનારાયણ દિવ્યધામની મુલાકાતે મંત્રી કૌશિક વેકરીયા

વડીયા, તા.૧૪

વડીયામાં લગ્નપ્રસંગે હાજરી આપવા આવેલા ઊર્જા, પેટ્રોકેમિકલ્સ અને સંસદિય બાબતોના રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સ્થાનિક શ્રી સ્વામિનારાયણ દિવ્યધામમાં દર્શન કરી સંતોના આશીર્વાદ લીધા હતા. આ તકે દિવ્યધામના સંતો- આનંદસ્વરૂપદાસજી, નીલકંઠસ્વરૂપદાસજી અને પ્રેમસ્વરૂપદાસજીએ આશીર્વાદ



આપ્યા હતા. મંત્રી કૌશિકભાઈ વેકરીયાની મુલાકાતથી સંતોએ રાજીપો વ્યક્ત કર્યો હતો. આ તકે કૌશિકભાઈ વેકરીયા સાથે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમ હિરપરા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુમ્મર સહિતના લોકો જોડાયા હતા.

## સુરતમાં પરિણીતાના ચારિત્ર્ય પર શંકા કરી જેઠે લાફો માર્યો

અમરેલી, તા.૧૪

વડીયામાં રહેતી એક યુવતીના લગ્ન સુરત ખાતે થયા હતા. જે બાદ પતિએ તથા સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. પતિ તથા નણંદે ગાળો આપી હતી. જ્યારે જેઠે લાફો માર્યો હતો. આ અંગે મનીષાબેન રાજેશભાઈ કાનાણી (ઉ.વ.૪૩)એ પતિ રાજેશભાઈ મેઘજીભાઈ કાનાણી, જેઠ મધુભાઈ મેઘજીભાઈ કાનાણી, જેઠાણી ભાવીશાબેન મધુભાઈ કાનાણી તથા નણંદ રેખાબેન જસમતભાઈ ઠેસીયા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ ઘરકામ તેમજ ચારિત્ર્ય બાબતે શંકા કરતા હતા. બાળકો બાબતે મેણા-ટોણા માર્યા હતા તેમજ દુઃખ-ત્રાસ આપ્યો હતો. જેઠે લાફા માર્યા હતા. જ્યારે પતિ તથા નણંદે ગાળો આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.આર. પટોળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીમાં ભાઈને મારવાની ના પાડતાં યુવક પર હુમલો કર્યો

**સિટી પોલીસ સ્ટેશનના એએસાઈ એસ.બી. સૈયદે વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૧૪

અમરેલી શહેરમાં નાના ભાઈને મારવાની ના પાડતાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે સંજયભાઈ બટુકભાઈ વાઢેર (ઉ.વ.૪૯) એ વિવેક વિનુભાઈ ખોલકીયા, જયનામ વિનુભાઈ ખોલકીયા, વિનુભાઈ ખોલકિયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના નાના ભાઈ ભાવેશભાઈને આરોપીઓ મારતા હતા. જેથી તેમણે ના પાડતાં તેમને લોખંડનો પાઈપ માથાના ભાગે માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલાના શેલણા ગામે નિશાચરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલાના શેલણા ગામે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. આ અંગે સુરત રહેતા વેપારીએ ફરિયાદ નોંધાવી હતી. અંકિતભાઈ ભીખુભાઈ ગઢાદરાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના શેલણા ગામે આવેલા મકાનના રૂમનું લોક તોડી કબાટમાં રહેલા સોના-ચાંદીના દાગીના મળી કુલ ૪૫૦૦ રૂપિયાના મુદ્દામાલની અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા. ૧૫-૧૨-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૭:૧૭,
સૂર્યાસ્ત-૦૫:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

**તા.૧૫-૧૨-૨૦૨૫ સોમવાર**

- મેષ: પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે.
- વૃષભ: વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.
- મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે.
- કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.
- સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે.
- કન્યા: રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.
- તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે.
- વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો.
- ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.
- મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.
- કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે.
- મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે.

## બાબરા-વાસાવડ રોડ પર જર્જરીત નાળા-પુલિયાને નવા બનાવવાના કામનું જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા, તા.૧૪

લાઠી, બાબરા અને દામનગર વિસ્તાર ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના અથાગ પ્રયાસોને પરિણામે બાબરા-વાસાવડ રોડ પર આવેલા જુના અને જર્જરીત પથ્થરના નાળા અને પુલિયાને નવા આર.સી.સી. બનાવવાની કામગીરીનો આજે પ્રારંભ થયો છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે રૂ. ૧૯.૬૯ કરોડનો ખર્ચ મંજૂર કર્યો છે. આ



પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, મહામંત્રી સુરેશભાઈ વાઘેલા, અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ મનસુખભાઈ, બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ બાબુભાઈ રામાણી, મહિલા મોરચા પ્રમુખ ભાવુબેન ગોસ્વામી, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મોહનભાઈ ખુમાણ, તાલુકા પંચાયતના સભ્યો, કાર્યકર્તાઓ, આજુબાજુના ગામોના સરપંચો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૩૭/૨૫ — તા.૨૭/૧૧/૨૦૨૫

**વિવાદી :-** શ્રી વિજુભાઈ મોહનભાઈ નારોલા
ઠે.ખાખરીયા, તા.પાલીતાણા, જી.ભાવનગર, મો.૯૮૭૯૯ ૬૨૮૮૮
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૭ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૦/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૨/૨૫ — તા.૦૩/૧૨/૨૦૨૫

**વિવાદી :-** શ્રી જયંતીભાઈ લાભુભાઈ બોખા
મુ.દામનગર, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૩૨૭૮ ૧૮૯૬૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા-એડવોકેટ

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફિસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા૧૯/૦૧/૧૯૬૯ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૩૮/૨૫ — તા.૨૭/૧૧/૨૦૨૫

**વિવાદી :-** શ્રી કાછડીયા કાંતાબેન ભીખાલાલ
મુ.એકલેરા, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૯૯ ૬૦૧૨૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.શેખ પીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શેખ પીપરીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૦ ના રોજ શેખ પીપરીયા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૦/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૪૦/૨૫ — તા.૨૭/૧૧/૨૦૨૫

**વિવાદી :-** શ્રી શિવલાલભાઈ મગનભાઈ પટેલ
ઠે.ઈંગોરાળા, તા.લાઠી, જી.અમરેલી, મો.૭૮૭૪૫ ૭૭૫૪૫
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.ઈંગોરાળા, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ઈંગોરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૧૫/૧૧/૧૯૪૫ ના રોજ ઈંગોરાળા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૦/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તંત્રી લેખ

# જાપાન ચીન વચ્ચે વધતો તનાવ

ભારતની જેમ જ એશિયા ખંડના બે શક્તિશાળી રાષ્ટ્રો, જાપાન અને ચીન, બન્ને વચ્ચે એક સમયે ખૂબ સારા સંબંધો હતા પરંતુ હવે તેના સંબંધમાં તનાવ આવ્યો છે. બન્ને દેશો સંઘર્ષમય સંબંધોનો લાંબો ઈતિહાસ ધરાવે છે. ભૌગોલિક રીતે નજીક હોવા છતાં, આ બંને દેશો વચ્ચેના સંબંધોમાં સહકાર, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને ભીષણ યુદ્ધોની એક જટિલ ગાથા વણાયેલી છે. આ સંબંધોને સમજવા માટે તેના ઐતિહાસિક મૂળિયાં તરફ દ્રષ્ટિપાત કરવો અનિવાર્ય છે. ઐતિહાસિક તણાવની શરૂઆત ક્યારે થઈ તેનો પણ ઈતિહાસ છે. ચીન અને જાપાન વચ્ચેના સંબંધોનો પ્રારંભ ઘણો પ્રાચીન છે. જોકે, ઈ.સ. પૂર્વે ૩૦૦૭ માં સંબંધોની શરૂઆતનો કોઈ સ્પષ્ટ અને માન્ય ઐતિહાસિક આધાર મળતો નથી, તેમ છતાં ઈ.સ. પૂર્વેની પ્રથમ સદીઓથી જ સાંસ્કૃતિક અને વેપારી સંપર્કો સ્થપાયા હોવાનું મનાય છે. ચીનના પ્રભાવ હેઠળ જાપાનમાં બૌદ્ધ ધર્મ, લેખન પ્રણાલી, સરકારી માળખું અને અનેક કલાત્મક શૈલીઓ અપનાવવામાં આવી હતી. ઈ.સ. ૬૦૭માં, જાપાનના રાજદૂત દ્વારા ચીનના સમ્રાટને મોકલેલો પત્ર, જેમાં જાપાનને 'ઉગતા સૂરજનો દેશ' અને ચીનને 'આથમતા સૂરજનો દેશ' તરીકે સંબોધવામાં આવ્યું હતું, તે જાપાનના સમાનતાના દાવાને દર્શાવતો પ્રથમ નોંધપાત્ર રાજકીય સંકેત હતો. આધુનિક યુગમાં, ૧૯મી સદીના અંતમાં જાપાનનું ઝડપી આધુનિકીકરણ અને સૈન્યીકરણ થયું, જેનાથી શક્તિનું સંતુલન બદલાયું. આના પરિણામે ૧૮૯૪-૯૫નું પ્રથમ ચીન-જાપાન યુદ્ધ થયું, જેમાં જાપાને ચીનને હરાવ્યું. આ પરાજય ચીન માટે 'અપમાનની સદી'ની શરૂઆત સમાન હતો અને તેણે જાપાન પ્રત્યે કાયમી કડવાશ તથા રાષ્ટ્રવાદની ભાવના જન્માવી. વધુ ભીષણ સંઘર્ષ ૨૦મી સદીમાં જોવા મળ્યો. ૧૯૩૦ના દાયકામાં જાપાને ચીન પર આક્રમક રીતે કબજો જમાવવાનું શરૂ કર્યું. ૧૯૩૭માં બીજું ચીન-જાપાન યુદ્ધ ફાટી નીકળ્યું, જે બીજા વિશ્વયુદ્ધનો ભાગ બન્યું. આ યુદ્ધ દરમિયાન જાપાની સૈન્ય દ્વારા ચીની નાગરિકો પર જે અત્યાચારો ગુજારવામાં આવ્યા, ખાસ કરીને 'નાનકિંગ હત્યાકાંડ' (**Nanjing Massacre**), તે આજે પણ ચીની લોકોની સ્મૃતિમાં તાજા છે અને સંબંધોમાં એક પીડાદાયક પ્રકરણ બની રહ્યા છે. ૧૯૪૫માં જાપાનની શરણાગતિ પછી યુદ્ધનો અંત આવ્યો, પરંતુ તેના ઘેરા ઘા હજુ પણ રૂઝાયા નથી. જીયો પોલિટિક્સ વર્તમાન સંઘર્ષના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે. બીજા વિશ્વયુદ્ધ પછી, ૧૯૭૨માં રાજદ્વારી સંબંધો સામાન્ય થયા બાદ, સંબંધોમાં સુધારો થયો હતો. જાપાને ચીનના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ વધ્યું, જેનાથી બંનેની અર્થવ્યવસ્થાને ફાયદો થયો. જોકે, આ આર્થિક સહકાર પણ ઐતિહાસિક સંઘર્ષની છાયામાંથી મુક્ત થઈ શક્યો નથી. આજે, જાપાન અને ચીન વચ્ચેનો સંઘર્ષ મુખ્યત્વે ચાર મુદ્દાઓ પર કેન્દ્રિત છે. પ્રથમ, ઈતિહાસની કડવાશ. ચીન બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના યુદ્ધ અપરાધો માટે સંપૂર્ણ માફીની માંગણી કરે છે. જ્યારે જાપાની નેતાઓ દ્વારા યાશુકુની શ્રાઈન (**Yasukuni Shrine**)ની મુલાકાત લેવામાં આવે છે, ત્યારે ચીન અને દક્ષિણ કોરિયામાં ઉગ્ર વિરોધ થાય છે. ચીન માને છે કે જાપાને ઈતિહાસની જવાબદારી સ્વીકારી નથી. બીજું, ટાપુઓ પરનો દાવો. પૂર્વ ચીન સમુદ્રમાં આવેલા વણવસેલા સેનકાકુ (જાપાનીઝ) અથવા ડિયાઓયુ (ચીની) ટાપુઓ પર બંને દેશો પોતાનો દાવો કરે છે. આ ટાપુઓ વ્યૂહાત્મક રીતે અને સંભવિત ખનીજ સંસાધનોની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આ વિસ્તારમાં ચીની જહાજો અને વિમાનો દ્વારા ઘૂસણખોરી અને પેટ્રોલિંગ વધતાં તણાવ સતત વધતો રહે છે. ત્રીજું, પ્રાદેશિક પ્રભુત્વ. વૈશ્વિક શક્તિ તરીકે ચીનનો ઉદય થયો છે અને તે પૂર્વ એશિયામાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા માંગે છે. જાપાન, યુ.એસ. સાથેના તેના સુરક્ષા જોડાણ દ્વારા, ચીનની વધતી સૈન્ય શક્તિ અને પ્રાદેશિક દાવાઓથી ચિંતિત છે. દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની આક્રમકતા પણ જાપાન માટે મોટી સુરક્ષા ચિંતાનો વિષય છે.

# પુષ્પ-૮



શ્રી ગુરુજી એમના પ્રવચનોમાં વારંવાર કહેતા કે, "સંઘની જવાબદારી છે કે તે તેની પવિત્ર પરંપરાના આત્મસન્માનને તેના સાચા સ્વરૂપમાં જીવંત રાખે. સંઘના કાર્યનો સાર એ છે કે દરેક વ્યક્તિએ માતૃભૂમિ પ્રત્યે મજબૂત ભક્તિ કેળવવી જોઈએ અને રાષ્ટ્રની સમૃદ્ધિ માટે દરેક વ્યક્તિના જીવનમાં સમર્પણની શુધ્ધ ભાવના પેદા થવી જોઈએ. સંઘ માને છે કે રાષ્ટ્ર અને માતૃભૂમિની પૂજા કરતી વખતે વ્યક્તિગત જીવન અશુધ્ધ ન હોવું જોઈએ. જેમ આપણે પૂજા દરમિયાન ભગવાનને અર્પણ કરેલા બધા ફૂલોની શુધ્ધતા ચકાસીએ છીએ અને તેમની સુગંધ સુંધ્યા વિના તે જ શુધ્ધતા સાથે ભગવાનને અર્પણ કરીએ છીએ, તેવી જ રીતે ભગવાન પ્રાપ્ત કરતી વખતે આપણે પણ ધ્યાન રાખવું જોઈએ કે આપણું અંગત જીવન હલકી ગુણવત્તાવાળું કે અશુધ્ધ ન હોવું જોઈએ. એટલા માટે ચારિત્ર્યવિકાસ માટે આહ્‌વાન હોવું જરૂરી છે. આ આહ્‌વાન દરેક વ્યક્તિએ સ્વીકારવું જોઈએ. સંઘનું કાર્ય કરતી વખતે આ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. કોઈ પણ વ્યક્તિનું કાર્ય સમાજથી અલગ એક સ્વતંત્ર સંસ્થા તરીકે રહે તેવી ઈચ્છા ન હોવી જોઈએ. સંઘ સમાજનો એક ભાગ જ છે, તે સમાજ સાથે એકરૂપ હોવો જોઈએ. તે સમાજના સ્વરૂપમાં પ્રતિબિંબિત થવો જોઈએ - આવી પવિત્ર ભાવનાને ધ્યાનમાં રાખીને સંઘ એક સંગઠિત શક્તિ તરીકે ઊભો રહેવો જોઈએ. તેની ઓળખ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તરીકે હોય, તેનાથી અલગ ઓળખ આપવાની જરૂર ન પડે એ જ સંઘની અપેક્ષા છે. કારણ કે વ્યક્તિએ સમાજ સાથે સુમેળમાં કામ કરવું જોઈએ. સંઘ પોતાને એક સંઘ તરીકે અલગથી કામ કરવાની કલ્પના કરતો નથી. સંઘનો સિધ્ધાંત છે કે એક અલગ ઓળખ ઊભી કરવી અને કરેલા કાર્ય માટે શ્રેય આપવો સંઘ આને યોગ્ય માનતો નથી. આ કરવું કે કરાવવું એ સંઘના સિધ્ધાંતોની વિરુધ્ધ છે, તેથી તેના પર બોલવું કે ચર્ચા કરવી યોગ્ય નથી લાગતી. સંઘ લોકોને બતાવવાનું પસંદ નથી કરતો કે, તે શું કરવા માંગે છે અથવા વિવિધ પ્રકારના કામમાં શું કરે છે ? હિન્દુ સમાજ સાથે એકતા સાધતી વખતે આપણે હંમેશા આપણા ઈતિહાસ અને વર્તમાનને યાદ રાખવા જોઈએ. જો આપણે આપણા પૂર્વજો કોણ હતા? એ ભૂલી જઈશું તો શું પરિણામ આવશે ?

ઈ.સ. ૧૯૬૫ ના વિજયાદશમીના બૌધ્ધિકમાં ગુરુજીએ કહ્યું હતું કે, "આ રાષ્ટ્ર હિન્દુ સમાજ દ્વારા સ્થાપિત એક પ્રાચીન રાષ્ટ્ર છે. એટલા માટે આ એક હિન્દુ રાષ્ટ્ર છે. આ એક ઐતિહાસિક સત્ય છે પણ આજે આ કેવું પ્રતિબંધિત માનવામાં આવે છે. જો કોઈ ભૂલથી પણ આવું કહી દે તો લોકો કહે છે કે, તે કેટલી ખરાબ વાત કરી રહ્યો છે. આવી વાતો કરનારાઓને સાંપ્રદાયિક કહેવા જોઈએ. આનો અર્થ એ થયો કે ૧૦૦૦ - ૧૨૦૦ વર્ષ પહેલા આપણી હારનું કારણ બનેલી આત્મ-વિસ્મૃતિ આજે પણ યથાવત છે. જો આપણે ભારતના આ વિવાદાસ્પદ સત્યને બાજુ પર રાખીશું, તો શું આપણે વિજયી થઈશું? 'સત્યમેવ જયતે' એ સ્વતંત્ર ભારતનું સૂત્ર છે. પરંતુ જો હિન્દુ રાષ્ટ્ર પોતાના જીવનની વાસ્તવિકતાને પોતાના અંતરાત્માથી દૂર કરે અથવા તેને ખોટી ધારણાથી બદલી નાખે તો આપણે સત્યને સત્ય તરીકે સ્વીકારીશું નહીં. આવા સમયમાં, 'સત્યમેવ જયતે' કહેવાનો અર્થ શું છે ? આ સૂત્ર આપણને શું કામ આવશે ? એક મહાન ધ્યેયને તમારી સામે રાખીને તેને પ્રાપ્ત કરવા માટે આગળ વધવામાં અને તેના વિકાસ માટે કામ કરવામાં શું સંકોચ છે ? જો કોઈ વ્યક્તિ કસરત કરીને પોતાના શરીરને મજબૂત બનાવે છે, અભ્યાસ કરીને પોતાની બુદ્ધિને તેજ બનાવે છે અને જો તે વ્યક્તિનો ઉપયોગ રાષ્ટ્રના વિકાસ માટે થાય છે તો તેને સ્વાર્થ કેવી રીતે કહી શકાય ? આ રીતે રાષ્ટ્રને મજબૂત શુધ્ધ અને સંપૂર્ણ સક્ષમ બનાવીને, તેને વિશ્વના વિકાસમાં યોગદાન આપવા સક્ષમ બનાવીને, તે ક્ષમતા બનાવવામાં શું ખોટું છે ? સમાજને પ્રેરણા આપતી એક માત્ર વસ્તુ માતૃભૂમિ છે. પ્રાચીનકાળથી પરંપરાગત રીતે - અહીં રહેતા સમાજને તેના સુખ અને સમૃધ્ધિ માટે તેની સામે ઊભા રહેલા તમામ જોખમોને પાર કરીને, તેના અંતરાત્મામાં પ્રેરણાનો સ્રોત ઉત્પન્ન કરીને એક સ્વતંત્ર, સાર્વભૌમ શક્તિ તરીકે ઊભા રહેવાનું આહ્‌વાન કરવા માટે પૂરતું છે. આ માટે બધાએ ભેગા થઈને માતૃભૂમિ વિશે વિચારવું પડશે. આપણે એક સ્વરમાં તેમના ગુણગાન ગાવા પડશે. આપણે સાથે મળીને એવા કાર્યક્રમો હાથ ધરવા જોઈએ જે આપણા જીવનમાં પુરુષાર્થ અને બહાદુરીના બીજ વાવે.

આપણા સંસ્કારી મન, બુદ્ધિ અને શારીરિક શક્તિને એક જ તાંતણે બાંધીએ. તેમની ક્ષમતાઓ અને ક્ષમતાઓનો ઉપયોગ કરવાની ક્ષમતા આપણામાં વિકસાવી શકાય છે. શ્રી ગુરુજી, જેમણે પોતાના ધ્યેયથી વિચલિત થયા વિના હિન્દુ સમાજના સંગઠન અને ઉત્થાન માટે કાર્ય કરતા સંઘનું નેતૃત્વ કર્યું. તેમણે સમકાલીન મુદ્દાઓ અને સામાજિક વાસ્તવિકતા વિશે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. તે સમયે સરહદની થતી ઘૂસણખોરી એક સળગતો મુદ્દો હતો. આથી ઈ.સ. ૧૯૬૬ માં વિજયાદશમીની ઉજવણી દરમિયાન શ્રી ગુરુજીએ આ સંદર્ભમાં કહ્યું હતું કે, આ આનંદ સમયે અંતરાત્મામાં ચિંતાની લાગણી પણ છે. યુધ્ધના મેદાનમાં આપણે જે વિજય મેળવ્યો તે સૈનિકોના કારણે હતો. પરંતુ મેં તે સમયે તેમને આ નાની ઈચ્છા વ્યક્ત કરી હતી કે, રાજકારણના ક્ષેત્રમાં કામ કરતાં આપણા નેતાઓ આ સફળતાને રાજદ્વારી ક્ષેત્રમાં નિષ્ફળતામાં ન ફેરવે. તે યુધ્ધ દરમિયાન આપણે બધાએ સમુદ્ર અને હિમાચલમાં ફેલાયેલા આપણા સમગ્ર ભારતને તેના બધા મતભેદો ભૂલીને એક સંયુક્ત સમાજ તરીકે ઊભેલું જોયું. નાના મતભેદો ઘણા સમય પહેલા જ સમાપ્ત થઈ ગયા હતા. આંદોલનના નેતાઓએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, જ્યારે દેશ સંકટનો સામનો કરી રહ્યો છે ત્યારે અમારી કોઈ માંગણીઓ નથી. તેમાંથી ઘણાએ એવો મત વ્યક્ત કર્યો કે, આપણે દુશ્મનને હરાવવા માટે દઢ નિશ્ચય સાથે આગળ વધતા રહીશું. આ મુદ્દા પર ઘણા વિસ્તારોમાંથી પ્રતિક્રિયાઓ આવી. પરંતુ આપણા સમાજનું દુર્ભાગ્ય એ છે કે, સમયાંતરે જાગૃત થતું શાણપણ અને શાણપણને કારણે જાગૃત થતી ભલાઈ તે ચોક્કસ ઘટના પૂરી થયા પછી અથવા તે પરિસ્થિતિ શાંત થયા પછી ઠંડી પડી જાય છે. ચીની આક્રમણ દરમિયાન પણ આવું જ બન્યું હતું. એક રીતે આ એવી પરિસ્થિતિ સાબિત થઈ શકે છે, જે આપણને મળેલી સફળતા નિષ્ફળતામાં ફેરવાઈ શકે છે. આ દેશનું નેતૃત્વ મજબૂત ન હોય તો દેશની સુરક્ષા વ્યવસ્થામાં ગંભીર કટોકટી ઊભી થાય છે. તેની સાથે સંસ્કૃતિ પર હુમલાઓ શરૂ થાય છે. આ રીતે શ્રી ગુરુજીએ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ઉપર સવિશેષ ભાર મુક્યો હતો.

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# "હકની વાત સૌ કરે, ફરજનું પાલન વિરલા કરે"

આમ તો આપણે એવું બોલીએ છીએ કે હક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે પણ આ બન્ને વિરોધાભાષી શબ્દો હોવા છતાં બન્નેની હાજરી જ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રને પ્રગતિના પંથે લઈ જાય છે. વાસ્તવિક જીવનમાં આપણી આસપાસની અનેક ઘટનાઓમાં જોઈ શકાય છે કે હકની વાત સૌને યાદ હોય છે પણ ફરજ નિભાવવાની વાત ઘણીવાર ભૂલાઈ જતી હોય છે. હક માટે ઘણા બધા લોકો અવાજ ઉઠાવતા હોય છે પણ ફરજ પાલન માટે બહુ ઓછાં લોકો અવાજ ઉઠાવે છે કારણ કે હકમાં કૈંક મેળવવાનું હોય છે જ્યારે ફરજમાં ત્યાગની ભાવના અને ઘસારો લેવો પડે છે. હાલના સમયમાં હક માંગવા પડે છે અને ફરજ માટે ફરજિયાત ફરજ પાડવી પડે છે. આ તંદુરસ્ત સમાજની નિશાની નથી. જ્યારે હક માંગવા જ ન પડે એવું વ્યવસ્થા તંત્ર ગોઠવાય અને દરેક નાગરિક સ્વેચ્છાએ રાજી ખુશીથી હસતા મુખે ફરજપાલન કરતા થાય ત્યારે બધી ફરિયાદ બંધ થાય.

મિત્રો, જીવનનું સૌંદર્ય હક અને ફરજ નામના બે શબ્દોમાં જ છુપાયેલું છે. આ બે શબ્દો બોલવામાં ખૂબ નાના છે, પરંતુ જીવનને ઘડવામાં એટલા જ મોટા છે, આત્મસાત કરવા ખૂબ આકરા છે. આમ જોવા જઈએ તો હક એ આપણું અસ્તિત્વ છે. માણસ જન્મે ત્યારે તે પોતાની સાથે ઘણાં હક લઈને આવે છે. ઉછેરનો હક, સન્માનનો હક, સુરક્ષાનો હક, શિક્ષણનો હક, સ્વતંત્ર વિચારવાનો હક વગેરે અનેક પ્રકારના હક એ માણસને પોતાની ઓળખ આપે છે. હક વગરનો માણસ પાણી વગરના કમળ જેવો ગણાય છે. જીવી તો શકે, પરંતુ ખીલી શકે નહિ. પરંતુ પ્રશ્ન એ નથી કે હક કેટલા છે, પ્રશ્ન એ છે કે; શું આપણે હકનો ઉપયોગ ફરજના માર્ગે ચાલીને કરીએ છીએ? કેમ કે ફરજ તો જીવની જવાબદારી છે. મિત્રો, ફરજ વગરનું જીવન અધૂરું છે. ફરજ એટલે વિવિધ પ્રકારની જવાબદારી: પરિવાર પ્રત્યેની, સમાજ પ્રત્યેની, કાર્યસ્થળ પ્રત્યેની અને આપણા દેશ પ્રત્યેની. સંતાનો માટે માતા–પિતાની સેવાની ફરજ, વિદ્યાર્થીઓ માટે અભ્યાસની ફરજ, કર્મચારીઓ માટે ઈમાનદારીથી કામ કરવાની ફરજ, નાગરિકો માટે દેશના કાયદાનું પાલન કરવાની ફરજ અને માનવ તરીકે માનવતા જાળવી રાખવી એ પણ દરેક મનુષ્યની નૈતિક ફરજ છે. વળી જાહેર મિલકતનું રક્ષણ કરવું એ દરેક નાગરિકની ફરજ છે. આ ઉપરાંત વડીલો પ્રત્યે આદરભાવ રાખવો, દરેકનું માન સન્માન જળવાઈ રહે એ પ્રકારનું વર્તન રાખવું, જરૂરિયાતમંદોને શક્ય એટલી મદદ કરવી, પ્રેમ દયા અને કરુણા સાથે જ્ઞાતિ, સમાજ, રાષ્ટ્ર અને ધર્મના નીતિ નિયમોનું પાલન કરવું વગેરે અનેક પ્રકારની નૈતિક ફરજ એ જ માણસનો સાચો ધર્મ છે. આમ નિષ્ઠાથી વિવિધ જવાબદારી વહન કરવી એ જ આપણી ફરજ અને એ જ માનવ ધર્મ છે. યાદ રાખજો જ્યાં ફરજ મજબૂત હોય છે, ત્યાં હક પોતે આવીને દરવાજે ઊભો રહે છે. જીવનમાં બંનેનું સંતુલન જરૂર છે. સામાન્ય સંસારી મનુષ્ય તરીકે જો માત્ર હકની જ વાત કરીએ તો જીવન સ્વાર્થભર્યું થઈ જાય અને જો માત્ર ફરજમાં જ ગળાડૂબ રહીએ તો જીવન ભારરૂપ થઈ જાય. પણ અમુક ઓલિયા પુરુષ કે જેઓ માત્ર પરમાર્થના કાર્યો કરીને સેવારૂપી ફરજ બજાવે છે તેઓને હકની પરવા હોતી નથી માટે જ લોકોમાં પૂજનીય હોય છે. જીવનનું સાચું સર્જન ત્યારે થાય છે જ્યારે હક અને ફરજનું તુલાત્મક સંતુલન જળવાય. આજના સમયમાં શું ખૂટે છે? આધુનિક જીવનમાં લોકો હક માટે તો અવાજ ઉંચો કરે છે, પણ ફરજ માટે મૌન રહી જાય છે. વિદ્યાર્થીને પરિણામનો હક જોઈએ છે, પણ મહેનતની ફરજ ભૂલી જાય છે. નાગરિકને સુવિધાઓ જોઈએ, પણ કાયદાનું પાલન કરવાની ફરજ ભૂલી જાય છે. કાર્યસ્થળે કર્મચારીને પગાર વધારાનો હક જોઈએ છે, પણ ઈમાનદારીની ફરજ ક્યાંક છૂટી જાય છે. ત્યારે આપણે એક વાત કાયમ મનમાં યાદ રાખવી જોઈએ કે ફરજ એ બીજ છે અને હક એ તેનું ફળ. બીજ વગર ફળ ક્યાંથી ઉપજશે? હક માંગવાથી સગવડતા મળે પણ ફરજ નિભાવવાથી મનમાં સંતોષ મળે અને સંતોષ એ જ સાચું સુખ છે.

## મનન ચિંતન



ભરત બાવીશી

**પરિવાર હકથી નહીં, ફરજથી ટકી રહે છે.**
**સમાજ હકથી નહીં, કર્તવ્યપાલનથી વિકસે છે.**
**અને દેશ હકથી નહીં, નાગરિકોની ફરજથી**
**મહાન બને છે.**
**હક છે આપણો એમ કહીએ**
**તો સૌ કોઈ માને,**
**ફરજ છે આપણી એમ કહીએ તો ઘણા ટાળે.**
**હક અને ફરજ બંને જીવનની બે આંખો છે.**
**એક બંધ હોય તો દૃષ્ટિ અધૂરી થઈ જાય,**
**અને બંને ખૂલેલી હોય તો**
**જીવનમાં પ્રકાશ ફેલાય.**
**હક એટલે લેવું અને ભોગવવું**
**ફરજ એટલે આપવું અને ત્યજવું.**

# ધરતી બળુકા સંતાનોની માતા છે, ખેતી માયકાંગલાનું કામ નથી






સમયે-સમયે ધંધા-વ્યવસાય અને માનવ સમુદાયોના સ્થળાંતરના ઈતિહાસ આપણે જોયા છે, જાણ્યા છે. ધંધા-વ્યવસાય બંધ થતા પણ જોયા છે. માણસોને બે-રોજગાર અને બેકાર થતા પણ આપણે સહુએ કોઈને કોઈ જગ્યાએ જોયા હશે. પરંતુ આ બધા જ વચ્ચે માનવજાત અને માંસાહારી સિવાયના પશુઓ-પંખીઓનું પેટ ખેતીમાંથી ઉત્પાદન થતા અનાજ, કઠોળ, તેલિબિયા, શાકભાજી અને ઘાસચારામાંથી જ ભરાય છે તે આપણે બધા જ જાણતા હોવા છતાં આજે ખેતી વ્યવસાયને ખેડૂતોના સંતાનો છોડી રહ્યા છે. ખેતી કયારેય કોઈને બેકાર બેરોજગાર બનવા દેશે નહિ. સમય ખેતીને આધુનિક બનાવવાનો છે. વર્ષો પહેલા આપણા વડીલો-ઘર પરિવાર સાથે ખેતીકામ કરતા હતા. આજે બીજાની મહેનત અને ભરોસા ઉપર ખેતી ચાલી રહી છે. ખેતમજૂરોને બિયારણ, ખાતર અને દવાઓના ડબલા વાડીએ પહોચાડીને નવી પેઢી માવા અને મોબાઈલમાં મસ્ત રહે છે. પછી આપણે કહીએ છીએ કે ખેતી ખોટનો ધંધો છે. ભાગીયો ભાગ મોટો લઈ ગયો, મારે તો કાંઈ વધ્યું નહિ. પણ આપણી મહેનત શું? એનો વિચાર તો કરો અને આપણા પરિવારની મહેનત શું એનો વિચાર કર્યો છે? કયારેય નથી કર્યો તો કરજો અને જો કર્યો હોય તો ભૂલ કયાં રહી ગઈ તેની તપાસ કરજો. ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં રાહત પેકેજની સહાય ભાગીયાઓને આપવા માટે આવેદન પત્રો અપાયા. આ વાત વ્યાજબી છે કે સરકાર સહાય આપે છે તો ભાગીયાને પણ નુકસાન જાય છે તો ખેડૂતોએ માનવતાની રૂએ મદદ કરવી જોઈએ. ઘણા ખેડૂતોએ મદદ કર્યાના દાખલાઓ છે. પરંતુ એવો સમય પણ આવી રહ્યો છે કે "હું આટલા વર્ષોથી જમીન વાવું છું કે ભાગીયુ રાખું છે. હવે મારો કબજા હક્ક" આ દિવસો દૂર નથી. આ કિસ્સો લાલબત્તી સમાન છે. જે મહેનત નથી કરતા એવા ખેડૂતો માટે આમેય કહેવાયું છે. ધરતી બળુકા ખેડૂતોની માતા છે. જે મહેનત કરશે એને ધરતી માતા ખેડૂત તરીકે સ્વીકારશે. બાકી જે વાવે તેની જમીન આ વાત સ્વીકારી લેવી જરૂરી છે. આજે એવા એક ખેડૂતનો પરિચય કરાવવા જઈ રહ્યો છું જે ચુસ્ત સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલા છે. જેના પરિવારમાં કોઈ વ્યસન નથી. આમ છતાં ભુદર બાપાને કેન્સર થયું. ડોકટર પાસે તપાસ માટે ગયા. ડોકટરે કહ્યું બીડી, તમાકુ, માવાનું વ્યસન ખરૂ? ભુદર બાપા કહે આ ખોળીયાએ સ્વાદ નથી ચાખ્યો. પછી ડોકટર કહે આ કારણો ખોરાકમાં જે પેસ્ટીસાઈડ આવે છે તેના હોઈ શકે. બસ એ જ દિવસથી તેની સાથે રહેલા પુત્ર કંઝારીયા રણછોડભાઈએ નક્કી કર્યું વેચાણ માટે નહિ પણ પરિવાર માટે તો ઝેરમુકત શાકભાજી, અનાજ, કઠોળ, તેલિબિયાનું વાવેતર કરવું અને પરિવારના ઉપયોગમાં લેવા. ૪૮ વર્ષિય અને ધો.૧૦ સુધીનો અભ્યાસ ધરાવતા કંઝારીયા રણછોડભાઈ ભુદરભાઈ ગામ. નવા ઈશનપુર, તા.હળવદ, જિ.મોરબી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરીને આગળ વધ્યા તેની વાત છે.

રણછોડભાઈ છેલ્લા ૫ થી ૭ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ખેતીમાં ખર્ચ ઘટી રહ્યો છે. ઉપરાંત માલ વેચવા માટે જવું નથી પડતું. સારૂ ખાવાવાળા શોધતા આવે છે. આ છે બળુકી ધરતીના ખેડૂતપુત્રની વેલ્યુ. આ બધાએ સમજવુ પડશે. પોતાની ત્રણ એકર જમીનમાં લીંબુના વાવેતર વચ્ચે હળદર અને મિશ્ર પાક તરીકે તુવેરનું વાવેતર કરે છે. કોલ્ડ પ્રોસેસથી હળદર પાવડર બનાવીને વેચાણ કરે છે. જયારે તુવેરમાંથી તુરવેદાળ બનાવે છે. ગુજરાત સરકારના બાગાયત ખાતાની સહાયથી બંને યુનિટ ઉભા કરીને આર્થિક લાભ લઈ રહ્યા છે. ઉપરાંત શિયાળામાં ચણાનું વાવેતર કરે છે અને ચણાદાળ બનાવીને પણ વેચે છે. જો પાણીની સગવડ રહે તો ઉનાળામાં તલનું વાવેતર કરે છે. આમ પ્રાકૃતિક ખેતીમાં રણછોડભાઈએ સફળતા હાંસલ કરી છે. અનેક તજજ્ઞો, ખેડૂતો વિઝીટ માટે આવે છે. રણછોડભાઈનો સંપર્ક નં.૯૯૦૯૬ ૨૬૬૦૩ છે.

## ઝાકળનું એક બિંદુ



હિરેન હિરપરા

## :: તિખારો ::

**આજના કહેવાતા આધુનિક અને મોબાઈલના યુગમાં કોઈપણ માણસને સાચા સંબંધોની કિંમત કેટલી ? સામેથી જવાબ મળશે, એ માણસને તમારા વિકલ્પમાં બીજો માણસ મળે એટલી. આ છે આજે સંબંધોની વ્યાખ્યા.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો

## ઘઉંનું બીજ ઉત્પાદન : રોગિંગ :

» બીજ ઉત્પાદન પ્લોટમાં બીજની આનુવંશિક તેમજ ભૌતિક શુધ્ધતા જાળવવા માટે સૌથી અગત્યની કામગીરી રોગિંગની છે. પ્લોટમાં રોગિંગનું કાર્ય જેટલી કાળજી અને ચીવટ રાખી કરવામાં આવે તેટલી જ બિયારણની શુધ્ધતા અને ગુણવત્તા વધે છે. રોગિંગનું કાર્ય, કુશળ મજૂરો દ્વારા, ખેડૂતોએ જાતે કે બીજ પ્લોટ લેનાર સરકારી કે ખાનગી સંસ્થાએ પાકમાં ફૂલકાળ અવસ્થા શરૂ થાય તે પહેલાં શરૂ કરી, ૨ થી ૩ વખત ઘનિષ્ટ રીતે કરવું જોઈએ. બીજ પ્લોટમાં ઘઉંની જે જાતનું વાવેતર કરેલ હોય તે જાતના છોડ રાખી તે સિવાયના વિજાતીય કે શંકાશીલ જૂદા પડતાં છોડ, રોગિંગ દરમ્યાન ઉપાડી નાખવા. વિજાતીય છોડ, અથવા મોડા પાકતાં, ઉંચા-નીચા, લાંબી-ટૂંકી ડુંડીવાળા, ડુંડીના રંગમાં અને મૂછોમાં જુદા પડતા છોડ વગેરે મુખ્યત્વે જોવા મળતા હોય છે. આવા જુદા પડતાં છોડ રોગિંગ દરમ્યાન  દૂર કરવા. ઘઉંના રોગિષ્ટ છોડ રોગિંગ દરમ્યાન ઉપાડી નાખવા. આ ઉપરાંત ઘઉં સિવાયના અન્ય પાકના છોડ તેમજ નિંદામણના છોડ હોય તો તે પણ ઉપાડી નાખવાં. ઘઉના પ્લોટમાં રોગિંગ ત્રણ થી ચાર અવસ્થાએ કરવું જોઈએ.

» ડુંડી આવતા પહેલાં વાનસ્પતિક વૃધ્ધિમાં અલગ પડતા અને ઊંચા છોડ કાઢી નાખવા, વધુ પડતા નીચા છોડ હોય તો પણ કાઢી નાખવા.

» ડુંડી આવવાની અવસ્થાએ વધુ વહેલાં અથવા વધુ મોટી ડુંડીવાળા છોડ કાઢી નાખવા.

» ડુંડી આવ્યા પછી તેનો આકાર, કદ, લંબાઈ વળાંક વગેરે ધ્યાને રાખી અલગ પડતા છોડ કાઢી નાખવા.

» પાક પાકતાં પહેલાં લોજીંગ થાય તે પહેલાં ફરી રોગિંગ કરવું.

» ડુંડી આવે ત્યારે ઘઉં જેવા જ દેખાતા છોડ પણ (ડુંડી ગિલીડંડા જેવી હોય તેવા છોડ) નિંદણનાં હોય છે, તેને દુર કરવા.

## ક્ષેત્રિય નિરીક્ષણ :

» ઘઉંના પ્રમાણિત બીજ ઉત્પાદન પ્લોટમાં ગુજરાત રાજય બીજ પ્રમાણન એજન્સીના તાંત્રિક કર્મચારીઓ દ્વારા ઓછામાં ઓછા બે વખત, પાકમાં ડુંડી નીકળવાની અવસ્થાથી, પાકની કાપણી સુધીમાં ક્ષેત્રિય નિરીક્ષણ દરમ્યાન વાવેતર વિસ્તાર, વાવેતર સમય, એકલન (આઈસોલેશન) અંતર, વિજાતીય છોડ, અંગારીયાવાળા છોડ અને જુદા ન પાડી શકાય તેવા પાક (જવ, ઓટ, ટ્રિટિકલ વગેરે) ના છોડના પ્રમાણની ચકાસણી કરવામાં આવે છે. જે વખતે બીજ ઉત્પાદકે હાજર રહેવું અને વખતોવખત જે સૂચનાઓ આપે તેનો અમલ કરવો.

**ઘઉંના બીજ ઉત્પાદન પ્લોટનાં ક્ષેત્રિય ધોરણો**

| ક્રમ | વિગત | ફાઉન્ડેશન | સર્ટિફાઈડ |
|---|---|---|---|
| ૧ | એકલન (આઈસોલેશન) અંતર (લઘુત્તમ) | ૩ મીટર | ૩ મીટર |
| ૨ | વિજાતીય છોડનું પ્રમાણ (મહત્તમ) | ૦.૦૫ ટકા | ૦.૨૦ ટકા |
| ૩ | જુદા ન પાડી શકાય તેવા અન્ય પાકના છોડનું પ્રમાણ (મહત્તમ) | ૦.૦૧ ટકા | ૦.૦૫ ટકા |
| ૪ | અંગારીયાવાળા છોડનું પ્રમાણ (મહત્તમ) | ૦.૧૦ ટકા | ૦.૫૦ ટકા |

## કાપણી અને સંગ્રહ :

» બીજ ઉત્પાદન પ્લોટમાં ઘઉં પાકયે તેની સમયસર કાપણી કરવી એ ખૂબ જ જરૂરી છે. જયારે ઘઉં પીળા થઈ જાય ત્યારે વહેલી સવારે અને મોડી સાંજે કાપણી કરવી. કાપણી કર્યા પછી તેના નાના-નાના પૂળા બાંધવા. ઘઉ સુકાયા પછી ડુંડીઓમાંથી દાણા છૂટા પાડવા થ્રેશરનો ઉપયોગ કરવો. થ્રેશરને અગાઉ બરાબર સાફ કરી, તેને નિયત ગતિએ ચલાવવું જેથી બીજ ભાંગી ન જાય. થ્રેશિંગ સમયે અન્ય જાતના બીજનું મિશ્રણ ન થાય તેની ખાસ કાળજી રાખવી. બીજનું ગ્રેડિંગ કરી, સૂર્યના તાપમાં તપાવવા. બીજમાં ૮ થી ૧૦ ટકા જેટલો ભેજ રહે ત્યાં સુધી સૂકવવા અને ત્યાર બાદ બીજને જંતુરહિત કંતાનના નવા કોથળામાં ભરી, જયાં જીવાત કે ઉંદરનો ઉપદ્રવ ન હોય તેવા ગોડાઉનમાં સંગ્રહ કરવો.

» **બીજ પ્રમાણન પ્રક્રિયા :** બીજ પ્રમાણન માટે બીજની આનુવંશિક અને ભૌતિક શુધ્ધતાનાં ધોરણોની માત્રા નક્કી હોય છે. તેવા ધોરણોવાળું બીજ એજન્સી દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**ભૌતિક શૃધ્ધતા અંગેના ધારાધોરણો**

| વિગત | પાયાના બીજ (ફાઉન્ડેશન કક્ષા) | પ્રમાણિત બીજ (સર્ટિફાઈડ કક્ષા) |
|---|---|---|
| ભૌતિક શુધ્ધતા (લઘુત્તમ) | ૯૮% | ૯૮% |
| સ્ફુરણશકિત (લઘુત્તમ) | ૮૫% | ૮૫% |
| કચરાનું પ્રમાણ (મહત્તમ) | ૨% | ૨% |
| અન્ય પાકના બીજ(મહત્તમ) | ૧૦ બીજ / કિ.ગ્રા. | ૨૦ બીજ / કિ.ગ્રા. |
| હાનિકારક નિંદણના બીજ(મહત્તમ) | ૨ બીજ / કિ.ગ્રા. | ૫ બીજ / કિ.ગ્રા. |
| કુલ નિંદણના બીજ(મહત્તમ) | ૧૦ બીજ / કિ.ગ્રા. | ૨૦ બીજ / કિ.ગ્રા. |
| ભેજના ટકા(મહત્તમ) | ૧૦ | ૧૦ |



» આનુવંશિક (જનીનિક) શુધ્ધતાનાં ધોરણો : આનુવંશિક શુધ્ધતાની ચકાસણી કરવા માટે ગુજરાત રાજય બીજ પ્રમાણન એજન્સી દ્વારા પોતાના ગ્રો આઉટ ટેસ્ટ ફાર્મ પર અથવા અન્ય રાજયના ફાર્મ પર, સર્ટિફાઈડ અને ફાઉન્ડેશન બીજના પ્રતિનિધિત્વ ધરાવતા નમૂનાને ઉગાડી, જે તે જાતનાં લક્ષણોની ચકાસણી કરવામાં આવે છે. ઘઉં પાકમાં જનીનિક શુધ્ધતાનાં ધોરણો ફાઉન્ડેશન બીજ માટે ઓછામાં ઓછા ૯૯ ટકા અને સર્ટિફાઈડ બીજ માટે ઓછામાં ઓછા ૯૮ ટકા નિયત થયેલા છે. જો ગ્રો આઉટ ટેસ્ટ દરમ્યાન બીજ, ઉપરોકત નિયત ધારાધોરણો મુજબનું માલૂમ પડે તો તે બીજ લોટને પ્રમાણિત કરવામાં આવે છે.

» જીરૂ ભૂકી છારોનાં નિયંત્રણ માટે :

» ● સંરક્ષણાત્મક પગલાં રૂપે વાવણી બાદ ૪૫ દિવસે ૩૦૦ મેશ ગંધકની ભૂકી ૨૫ કિ.ગ્રા. / હે. પ્રમાણે સવારમાં છોડ ઉપર ઝાકળ હોય ત્યારે છંટકાવ કરવો.

» ● રોગ દેખાય કે તરત જ ઉપર જણાવ્યા પ્રમાણે ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

» ● ભૂકી સ્વરૂપે ગંધકને બદલે પંપમાં છંટકાવ કરવા માટે દ્રાવ્ય ગંધક ૮૦ વે.પા. ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી ૨ થી ૩ છંટકાવ કરવા.

» ગ્રીન હાઉસ : ● ગ્રીન હાઉસમાં ખૂબ જ કિંમતી પાકો ખાસ કરીને ટામેટા, લેટયુસ, પાલક, બ્રોકોલી, પાર્સલી, શેલરી વગેરે ઉગાડવા જોઈએ.

» ગ્રીન હાઉસમાં ટામેટાની જાતની પસંદગીઃ બોફસ્ટેક જાતો : આ જાતના ફળો ખૂબ જ મોટા, ૧૮૦-૨૫૦ ગ્રામના હોય છે અને યુરોપીયન દેશોમાં નિકાસ થાય છે. એફએ-૫૭૪, એફએ -૧૮૦ અને એફએ-૫૧૪ એ આ ગૃપની લોકપ્રિય જાતો છે.

» મોટા ફળવાળી જાતોઃ આર-૧૪૪, એફએ-૧૮૦, એફએ-૧૭૯ વગેરે જાતોનો આ ગૃપમાં સમાવેશ થાય છે. કેટલીક ભારતીય જાતો જેવી કે નવીન, નન-૭૭૧૧, એન.એસ. ૬૪૬, જી.સી. ૬૦૦, અર્કા વર્દાન અને અર્કા વિશાલ વગેરે છે.

» કલ્સ્ટર ટાઈપઃ આ જાતોમાં ૪-૭ ના ઝુમખામાં આવે છે. એચએ - ૬૪૬, એફએ-૫૫૬, એફએ -૫૨૧, રેડગોલ્ડ, બાદશાહ, શકિતમાન, સમ્રાટ વગેરે જાતો છે.

» ચેરી ટાઈપઃ એકદમ નાની સાઈઝમાં આવે છે. બીઆર-૧૨૪ અને એચએ - ૮૧૮ ખૂબ જ લોકપ્રિય જાતો છે.

# શિયાળુ પાકોમાં પિયત વ્યવસ્થાપન

દુધિયા દાણા અવસ્થા – વાવેતર બાદ ૭૫-૮૦ દિવસે
● પોંક અવસ્થા – વાવેતર બાદ ૯૦-૯૫ દિવસે

જીરુઃ- જીરૂ પિયત માટે ખુબ જ સંવેદનશીલ પાક છે. આ પાકને જરૂરિયાત મુજબ પિયત આપવું જોઈએ. વધારે પિયતથી ચરમીનો રોગ ઝડપથી ફેલાય છે અને પાકને ખુબ જ નુકસાન કરે છે. ઘણી વખત પાક સંપૂર્ણ નાશ પામે છે તેથી જીરાના પાકની સફળતાનો આધાર પિયત વ્યવસ્થા ઉપર રહેલ છે. જીરાનો પાક વાવેતર બાદ યોગ્ય સમયે ત્રણથી ચાર પિયતથી સફળતાપૂર્વક લઈ શકાય છે. વાતાવરણમાં ખુબ જ ભેજ હોય અને વાદળછાયુ વાતાવરણ હોય ત્યારે પિયત આપવાનું ટાળવું જોઈએ. વાવેતર બાદ જમીનના પ્રકાર અને ઢાળ મુજબ યોગ્ય માપના કયારા બનાવવા અને કયારા સમતલ કરવા અને પ્રથમ પિયત આપવું. ત્યારબાદ ચાર થી પાંચ દિવસ બાદ બીજુ પિયત આપવું. આમ બે પિયતથી પાકનો સંપૂર્ણ ઉગાવો થઈ જશે. ઉગાવા બાદ જરૂરિયાત મુજબ પાકની વૃદ્ધિની કટોકટીની અવસ્થાએ નીચે મુજબ પિયત આપવા. પિયત આપવાના સમયે ગાળો લંબાવવો અને ચોખ્ખું વાતાવરણ થયા બાદ પિયત આપવું.

● પાકના ઉગાવા બાદ – વાવેતર બાદ ૧૫-૨૦ દિવસે
● ડાળી અવસ્થાએ – વાવેતર બાદ ૩૦-૩૫ દિવસે
● ફૂલ અવસ્થાએ – વાવેતર બાદ ૫૦-૬૦ દિવસે
● દાણા ભરાવાની અવસ્થાએ – વાવેતર બાદ ૭૦-૭૫ દિવસે

ચણાઃ- ચણાનો પાક પિયત અને બિનપિયત એમ બન્ને પરિસ્થિતિમાં લઈ શકાય છે. પિયતની સગવડતા હોય ત્યાં વધુ ઉત્પાદન આપતી ચણાની જાત ગુ. ચણા-૧ નું વાવેતર કરી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. પાકના વાવેતર બાદ તુરત જ પિયત આપવું અને ઉગાવા બાદ મુખ્ય કટોકટીની વૃદ્ધિ અવસ્થાએ નીચે મુજબ ચાર પિયત આપવાથી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે.

● (૧) ડાળી અવસ્થાએ – વાવેતર બાદ ૨૫-૩૦ દિવસે
● (૨) ફૂલ અવસ્થાએ – વાવેતર બાદ ૪૦-૪૫ દિવસે
●(૩) પોપટો બેસવાની અવસ્થાએ – વાવેતર બાદ ૫૦-૬૦ દિવસે
●(૪) દાણા ભરાવાની અવસ્થાએ – વાવેતર બાદ ૬૦-૭૦ દિવસે

જો પાણીની અછત હોય તો ઉગાવા બાદ ફકત બે પિયતથી પણ ચણાનો પાક થઈ શકાય છે. આવા સંજોગોમાં પ્રથમ



પિયત વાવેતર બાદ ૪૦-૪૫ દિવસે (ફૂલ અવસ્થાએ) અને બીજુ પિયત વાવેતર બાદ ૫૦-૬૦ દિવસે (પોપટો બેસવાની અવસ્થાએ) આપવું. ભાલ અને ઘેડ વિસ્તારમાં મોટેભાગે બિનપિયત તરીકે ચણાનું વાવેતર થાય છે. આ વિસ્તાર માટે ગુજરાત ચણા –૨ જાતનું વાવેતર કરવું. જો મીઠા પાણીની સગવડ હોય તો આ બિનપિયત જાતની નીકપાળા પદ્ધતિથી બે પિયત આપવાથી ઉત્પાદનમાં વધારો થાય છે. વધુ પિયતથી સુકારાનો રોગ લાગે છે અને ઉત્પાદન ઘટે છે.

તુવેરઃ તુવેર કઠોળ વર્ગનો ખુબ જ અગત્યનો પાક છે. તુવેરનું વાવેતર એકલા, આંતરપાક તરીકે તેમજ રીલે પાક તરીકે થાય છે. સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે મગફળી તુવેર રીલે પાક પદ્ધતિથી વાવેતર થાય છે. વાવેતર મુખ્યત્વે ઓગષ્ટ માસમાં મગફળીના ઊભા પાકમાં બે હાર વચ્ચે કરવામાં આવે છે. પાકની શરૂઆતની અવસ્થા દરમ્યાન ચોમાસુ ઋતુમાં પિયત આપવાની જરૂર રહેતી નથી. ચોમાસા બાદ મગફળી કાઢી લીધા પછી પાળા ચઢાવી પિયત આપવાનું આયોજન કરવું. તુવેરનો પાક મર્યાદિત પાણીથી ખુબ જ સારો થઈ શકે છે. આ પાકને ફકત ત્રણ પિયતની જરૂર રહે છે જે નીચે મુજબ આપવાઃ

● ફૂલ અવસ્થાએ – વાવેતર બાદ ૮૦-૯૦ દિવસે
● શિંગો બેસવાની અવસ્થાએ – વાવેતર બાદ ૧૦૦-૧૧૦ દિવસે
● દાણા ભરાવા તથા વિકાસ અવસ્થાએ – વાવેતર બાદ ૧૩૦-૧૪૦ દિવસે

રાજેશ ચૌધરી વિષય નિષ્ણાત- પાક ઉત્પાદન
એસ.એસ. દરજી,
વિષય નિષ્ણાત- બાગાયત



» **આંબોઃ-** ● આંબામાં ભૂકીછારાના અસરકારક નિયંત્રણ માટે મોર નીકળ્યાની શરૂઆત થાય ત્યારથી ૨૦ દિવસને અંતરે નીચેનામાંથી ગમે તે એક ફૂગનાશક દવાનો છંટકાવ કરવો.

» હેકઝાકોનાઝોલ ૫ ઈસી (૧૦ મિ.લિ. /૧૦ લિટર પાણી)

» વેટેબલ સલ્ફર ૮૦% વે.પા. (૩૦ ગ્રામ /૧૦ લિટર પાણી)

» ટ્રાયડીમોર્ફ ૮૦ ઈસી (૫ મિ.લિ. / ૧૦ લિટર પાણી)

» કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. (૫ ગ્રામ /૧૦ લિટર પાણી)

» ચોમાસા પછી આંબાના પાકમાં બોર્ડો પેસ્ટ લગાવો તેમાં ૧ કિલો મોરથુથું + ૨ કિલો લીલો ચૂનો આને ૨૦ લિટર પાણીમાં નાખી ઝાડનાં થડ ઉપર ૩ ફૂટ સુધી લગાવો. તે ઉપરાંત ૧ કિલો મોરથુથું + ૨ કિલો લીલો ચૂનો આને ૧૦૦ લિટર પાણીમાં નાખી ઝાડ ઉપર છંટકાવ કરવો.

» બગીચામાં મધમાખીનો ઉછેર કરવાથી ફળણ ક્રિયામાં વધારો થાય છે.



» **બોરઃ** ભૂકીછારાનાં નિયંત્રણ માટે રોગની શરૂઆત થાય કે તરત જ દ્રાવ્ય ગંધક ૮૦ વે.પા. ૩૦ ગ્રામ અથવા ડીનોકેપ ૪૮ ઈસી ૧૦ મિ.લિ. અથવા હેકઝાકોનાઝોલ ૫ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. બીજા બે છંટકાવ ૧૦ દિવસના અંતરે કરવા. પાણીની અછતવાળા વિસ્તારમાં ગંધકની ભૂકી હેકટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે રાખ સાથે ભેળવીને સવારના સમયે ઝાકળ હોય ત્યારે રોગની શરૂઆત જણાય કે તરત જ છંટકાવ કરવો.

» **સીતાફળ મિ.લિ.બગનાં નિયંત્રણ માટેઃ** ● ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) મેટારીઝીયમ એનીસોપ્લી નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા વર્ટીસિલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો. ● વધુ ઉપદ્રવ જણાય તો ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૧૫ મિ.લિ. અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મિ.લિ. અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૫૦ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી તેમાં ૧૦ ગ્રામ કપડા ધોવાનો પાઉડર ઉમેરી છંટકાવ કરવો.

» પપૈયા પાનનો કોકડવા / પચરંગીયો / રીંગ સ્પોટ વાયરસનાં નિયંત્રણ માટે

» ઉભા પાકમાં રોગ જણાય તો રોગિષ્ઠ છોડનો સત્વરે ઉખેડી નાશ કરવો.

» લીમડાનું તેલ ૧ મિ.લિ. / લિટર પાણી અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવાથી રોગને કાબુમાં લઈ શકાય છે. રસાયણ/ રાસાયણિક બંધારણ પર આધારિત વર્ગીકરણઃ સંયોજનની પરમાણુ રચનાના આધારે, જંતુનાશકોને બે જૂથોમાં વહેંચવામાં આવે છે. કાર્બનિક અને અકાર્બનિક. સલ્ફર અને ચૂનો જેવા પ્રારંભિક રાસાયણિક જંતુનાશકો અકાર્બનિક હતા. મોટાભાગના આધુનિક જંતુનાશકો કાર્બનિક રસાયણો છે. ઓર્ગેનિક જંતુનાશક દવાઓને પેટા વિભાજિત કરી શકાય છે જે બે જૂથોમાં વહેંચાય છેઃ પ્રાકૃતિક કાર્બનિક અને કૃત્રિમ સજીવ કે જેને આગળ કાર્બન સાથે જોડાયેલ રાસાયણિક મોહ પર આધારિત વર્ગીકૃત કરીએ તો ઓર્ગેનોક્લોરિન, કાર્બામેટ્સ, નિયોનિકોટિનોઈડ્સ વગેરે. દા.ત. ક્લોરપાયરીફોસ, ડાયકોફોલ, ફેનવાલેરેટ, થિયામેથોકઝામ, બાયફેનથ્રિન.

# બિહાર સરકારના મંત્રી નીતિન નબીન બન્યા ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ

ન્યૂ દિલ્હી,તા.૧૪

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ એક મોટો સંગઠનાત્મક નિર્ણય લીધો છે, જેમાં બિહાર સરકારના મંત્રી નીતિન નબીનને પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂકને બિહાર તેમજ રાષ્ટ્રીય રાજકારણમાં ભાજપની વ્યૂહાત્મક મજબૂતી તરીકે જોવામાં આવી રહી છે. પાર્ટી નેતૃત્વએ તેમના



સંગઠનાત્મક અનુભવ, પાયાના સ્તરે હાજરી અને વહીવટી ક્ષમતાઓને ટાંકીને તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. આ નિમણૂક તાત્કાલિક ધોરણે ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫થી અમલમાં આવી. આ સંદર્ભમાં પાર્ટી દ્વારા ઔપચારિક સંગઠનાત્મક આદેશ જારી કરવામાં આવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને મુખ્યાલયના પ્રભારી અરુણ સિંહ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, આ નિમણૂક ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડ દ્વારા કરવામાં આવી હતી. આ આદેશમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે હાલમાં બિહાર સરકારમાં મંત્રી રહેલા નીતિન નબીન હવે રાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ સંગઠનાત્મક જવાબદારીઓ સંભાળશે.

# દિલ્હી અને ગોવાના લોકોની વાર્ષિક કમાણી પાંચ લાખ જ્યારે યુપી, બિહારમાં ફકત એક લાખ

નવીદિલ્હી,તા.૧૪

દિલ્હી, હરિયાણા, ગોવા અને સિક્કિમ જેવા રાજ્યો પ્રતિ માથાદીઠ આવકના સંદર્ભમાં દેશમાં ટોચ પર છે. બીજી બાજુ, બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યો આ સંદર્ભમાં તળિયે છે. કેન્દ્રીય બેંક, **RBI** દ્વારા બહાર પાડવામાં આવેલ નવીનતમ હેન્ડબુક ઓફ સ્ટેટિસ્ટિક્સ ઓન ઈન્ડિયન સ્ટેટ્સ, રાજ્યોની આર્થિક સ્થિતિની વિગતો આપે છે. માહિતી અનુસાર,



વર્તમાન ભાવે, દિલ્હી, ગોવા, સિક્કિમ, તેલંગાણા, તમિલનાડુ અને અન્ય રાજ્યોમાં પ્રતિ વ્યક્તિ આવક (નેટ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૩ લાખથી ૫ લાખની વચ્ચે પહોંચશે, જ્યારે ઘણા પછાત રાજ્યોમાં, આ આંકડો ૧ લાખથી ઘણો ઓછો છે. વર્તમાન ભાવે ડેટા અનુસાર, દિલ્હીમાં પ્રતિ વ્યક્તિ વાર્ષિક આવક ૪.૯૩ લાખ, ગોવામાં ૫.૮૬ લાખ, હરિયાણામાં ૩.૫૩ લાખ, કર્ણાટકમાં ૩.૮૦ લાખ, તેલંગાણામાં ૩.૮૭ લાખ, કેરળમાં ૩.૦૮ લાખ અને તમિલનાડુમાં તે ૩.૬૨ લાખની નજીક છે. ફુગાવા-સમાયોજિત (સતત ભાવે) પરના તાજેતરના ડેટા દર્શાવે છે કે તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં છેલ્લા દાયકામાં પ્રતિ વ્યક્તિ વાસ્તવિક આવકમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે.

# કેરળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પહેલીવાર ત્રણ બેઠકો જીતી

તિરુવનંતપુરમ,તા.૧૪

કેરળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટે શાનદાર પ્રદર્શન કર્યું, જેમાં સૌથી વધુ બેઠકો જીતી, જ્યારે સીપીએમના નેતૃત્વ હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટને પરાજયનો સામનો કરવો પડ્યો. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના એનડીએએ આ ચૂંટણીઓમાં પોતાના પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો કર્યો, પરંતુ આ બધા વચ્ચે, આમ આદમી પાર્ટીએ રાજ્યમાં પોતાનું ખાતું ખોલીને ઈતિહાસ રચ્યો. નોંધનીય છે કે કેરળમાં આમ આદમી પાર્ટીએ પહેલીવાર સફળતા મેળવી છે. પાર્ટીએ કુલ ત્રણ બેઠકો જીતી હતી, અને ખાસ કરીને, તે બધી મહિલાઓ દ્વારા જીતી હતી. કરીમકુન્નમ ગ્રામ પંચાયતના વોર્ડ ૧૩ થી બીના કુરિયન, મુલેનકોલી ગ્રામ પંચાયતના વોર્ડ ૧૬ થી સિની એન્ટની અને ઉઝહુર ગ્રામ પંચાયતના વોર્ડ ૪ થી સ્મિતા લ્યુકે આમ આદમી પાર્ટીનો ધ્વજ ફરકાવ્યો છે.

# બંગાળમાં પ્રથમ તબક્કામાં ૫૮ લાખથી વધુ મતદાતાઓના નામ કમી કરાયા

કોલકાતા,તા.૧૪

જ્યારે ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીનું સઘન સંશોધન શરૂ કર્યું, ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ધમકી આપી હતી કે આ બંગાળ છે, બિહાર નહીં. રાજ્યમાં એસઆઈઆર (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ના પ્રથમ તબક્કાના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ મુજબ, રાજ્યમાં



૫૮ લાખથી વધુ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. મમતા બેનર્જીના પોતાના મતવિસ્તાર, ભવાનીપુરમાં, ૪૪,૦૦૦ નામ કાઢી નાખવામાં આવ્યા હતા. આ આંકડો વધુ વધવાની ધારણા છે. ચૂંટણી પંચનો દાવો છે કે નામો કાઢી નાખવામાં આવે તે પહેલાં પશ્ચિમ બંગાળમાં ૩૧.૩૯ લાખથી વધુ મતદારો સાથે રૂબરૂ સુનાવણી યોજાઈ હતી. ટોચના ૫ વિધાનસભા મતવિસ્તાર જ્યાં મતદારો સૌથી વધુ ઘટ્યા તેમાં ૧. ચૌરંગી ૭૪,૫૫૩ તૃણમૂલ કોંગ્રેસ નયના બંદોપાધ્યાય, ૨. બાલીગંજ ૬૫,૧૭૧ તૃણમૂલ કોંગ્રેસ બાબુલ સુપ્રિયો, ૩. કોલકાતા પોર્ટ ૬૩,૭૩૦ તૃણમૂલ કોંગ્રેસ ફિરહાદ હકીમ, ૪. ભવાનીપુર ૪૪,૭૮૭ તૃણમૂલ કોંગ્રેસ મમતા બેનર્જી, ૫. શ્યામપુર ૪૨,૩૦૩ તૃણમૂલ કોંગ્રેસ કાલિદાસ મંડલ, ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન હેઠળ ૫૮ લાખ નામો કાઢી નાખ્યા છે.

# આગામી એક કે બે મહિનામાં એકનાથ શિંદે ફરી મુખ્યમંત્રી બનશે, પ્રકાશ આંબેડકરની આગાહી

મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પહેલા રાઉન્ડ દરમિયાન ભાજપ અને શિવસેના વચ્ચે તણાવ જોવા મળ્યો હતો, પરંતુ બીજા અને ત્રીજા રાઉન્ડ પહેલા ભાજપનો સૂર બદલાઈ ગયો છે. ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે મુંબઈ બીએમસી સહિત તમામ ચૂંટણીઓ સાથે લડવાની પ્રતિજ્ઞા લીધી છે. દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથેની મહત્વપૂર્ણ મુલાકાત બાદ ભાજપના વલણમાં આ ફેરફાર આવ્યો છે. ત્યારથી, શિવસેનાના વડા એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે એક બેઠક પણ થઈ છે. શિવસેના અને ભાજપ વચ્ચે 'બધું સારું છ' ના દાવાઓ વચ્ચે, વંચિત બહુજન આઘાડીના વડા પ્રકાશ આંબેડકરે એક બોલ્ડ આગાહી કરી છે. આંબેડકરે દાવો કર્યો છે કે આગામી એક કે બે મહિનામાં એકનાથ શિંદે ફરીથી મુખ્યમંત્રી તરીકે જોવા મળશે. પ્રકાશ આંબેડકરે કહ્યું કે ભાજપના નેતાઓ પહેલા મ્યુનિસિપલ ચૂંટણીઓમાં એકલા લડાઈની હાકલ કરતા હતા.

# ત્રીજી ટી-૨૦ મેચમાં ભારતે સાઉથ આફ્રિકાને સાત વિકેટે હરાવ્યું

ધર્મશાળા,તા.૧૪

સાઉથ આફ્રિકાએ T20 સિરીઝના ત્રીજા મુકાબલામાં ભારતને જીત માટે ૧૧૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૧૫.૫ ઓવરમાં ત્રણ વિ કેટ ગુમાવી ૧૨૦ રન બનાવી સાત વિકેટે મેચ જીતી લીધી હતી. ધર્મશાલા સ્ટેડિયમમાં ભારતીય ટીમે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. પહેલા બેટિંગ કરવા ઉતરેલી આફ્રિકી ટીમ ૧૧૭ રન પર ઓલઆઉટ થઈ ગઈ. આફ્રિકાએ શરૂઆતમાં માત્ર ૭ રન પર ૩ વિકેટ ગુમાવી દીધી



હતી. ક્વિન્ટન ડી કોક ૧ રન, રીઝા હેન્ડ્રિક્સ ૦ રન અને ડેવાલ્ડ બ્રેવિસ ૨ રન બનાવીને આઉટ થયા. એડન માર્કરામે (૬૧ રન) એક છેડેથી ઈનિંગ્સ સંભાળી, જ્યારે બીજા છેડેથી વિકેટો પડતી રહી. માર્કરમે ૬૧ રનની સંઘર્ષપૂર્ણ ઈનિંગ્સ રમી. તેના સિવાય, ડોનોવન ફરેરાએ ૨૦ રનનું યોગદાન આપ્યું. ભારત તરફથી અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવે ૨-૨ વિકેટ ઝડપી. હાર્દિક પંડ્યા અને શિવમ દુબેને એક-એક વિકેટ મળી. ભારતે ધમાકેદાર શરૂઆત કરી હતી. અભિષેક શર્માએ ૩૫ અને શુભમન ગીલે ૨૮ રન બનાવ્યા હતા. તિલક વર્મા ૨૬ રન બનાવી અણનમ રહ્યો હતો.

# ગીર સોમનાથ: વેરાવળ તાલુકાના ડારી ગામે પત્નીની હત્યા બાદ પતિએ જીવન ટૂંકાવ્યું

ગીર સોમનાથ,તા.૧૪

વેરાવળ તાલુકાના ડારી ગામે હચમચાવી નાખે તેવી હૃદયદ્રાવક અને રક્તરંજિત ઘટના સામે આવી છે. ૧૨ ડિસેમ્બરના રોજ સવારે દસેક વાગ્યે પતિએ પત્નીની નિર્મમ હત્યા કરી હોવાની ઘટના બાદ આજે વહેલી સવારે હત્યારા પતિનો મૃતદેહ દરગાહમાંથી મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને અરેરાટી ફેલાઈ જવા પામી છે.



ડારી ગામે પિયર રિસમણે રહેતી ૪૨ વર્ષીય ચંપાબેન વિનોદભાઈ ધોળીયા પર તેમના પતિ વિનોદ સોમાએ અચાનક હુમલો કરી નિર્મમ હત્યા નિપજાવી હતી. ઈજાગ્રસ્ત ચંપાબેનને વેરાવળ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના કાકા હીરાભાઈ ચંડપાએ જણાવ્યું હતું કે, ચંપાબેન છેલ્લા પાંચેક મહિનાથી પિયર ડારી ગામે રહેતી હતી. દાંપત્ય જીવનમાં વર્ષોથી તણાવ અને કલહ ચાલતો હતો. પતિના ત્રાસથી કંટાળીને ચંપાબેને ભરણ-પોષણનો કેસ પણ નોંધાવ્યો હતો. આ તમામ વિવાદ વચ્ચે અચાનક પતિએ પિયર આવી આ ઘાતક પગલું ભર્યું હતું.

# રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાને HRPC મહાત્મા ગાંધી રાષ્ટ્રીય માનવાધિકાર પુરસ્કાર ૨૦૨૫

નવી દિલ્હી,તા.૧૪

હ્યુમન રાઈટ્સ પ્રોટેક્શન સેલ (HRPC) દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય માનવાધિકાર અધિવેશન ૨૦૨૫માં ગુજરાત સરકારના માનનીય રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાને HRPC મહાત્મા ગાંધી રાષ્ટ્રીય માનવાધિકાર પુરસ્કાર ૨૦૨૫થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર



દેશભરમાં માનવાધિકારોની માન્યતા, સંરક્ષણ અને સશક્તિકરણ માટે નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિને આપવામાં આવે છે. કૌશિક વેકરિયાએ ગુજરાતની રાજનીતિમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. મંત્રી બન્યા બાદ તેમણે કાનૂન વિભાગ હેઠળના ચેરિટી કમિશ્નર કચેરીને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો, જેના કારણે પારદર્શિતા વધી અને ભ્રષ્ટાચાર પર નિયંત્રણ આવ્યું છે.

# દિલ્હી-એનસીઆરમાં ધુમ્મસ અને પ્રદૂષણમાં વધારો, એકયુઆઇ ૪૬૪ પર પહોંચ્યો

નવીદિલ્હી,તા.૧૪

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને **NCR** ક્ષેત્રમાં વાયુ પ્રદૂષણ સતત તબાહી મચાવી રહ્યું છે. કડકડતી ઠંડી અને ધુમ્મસ વચ્ચે, પ્રદૂષણ પહેલા કરતા પણ વધુ વધ્યું છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, રવિવારે સવારે દિલ્હીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક ૪૬૪ પર પહોંચ્યો, જે 'ગંભીર+' શ્રેણીમાં આવે છે. આનંદ વિહાર, બાવાના અને ચાંદની ચોક જેવા ઘણા વિસ્તારોમાં એકયુઆઇ ૪૮૦-૪૯૦ થી વધુ નોંધાયો હતો. રવિવારે સવારે દિલ્હીના આનંદ વિહાર વિસ્તારમાં ઝેરી ધુમ્મસ છવાયું હતું. આ વિસ્તારની આસપાસ એકયુઆઇ ૪૯૧ હતો, જે 'ગંભીર' શ્રેણીમાં આવે છે. હવા ગુણવત્તા વ્યવસ્થાપન કમિશને દિલ્હી-એનસીઆરમાં જીઆરએપી સ્ટેજ -૩ હેઠળ તમામ પગલાં અમલમાં મૂક્યા છે.

# પ્રાચી તીર્થ ખાતે ભવ્ય મેડિકલ કેમ્પનું આયોજન

**સ્વ. ઉકાભાઈ ચુડાસમાની પુણ્યતિથિ નિમિત્તે મેડિકલ કેમ્પ યોજાશે**

કોડીનાર, તા.૧૪

ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન સ્વ. ઉકાભાઈ ચુડાસમાની ૧૦મી વાર્ષિક પુણ્યતિથિ તેમજ સ્વ. રંભુબેન અને લાડુબેન ચુડાસમાના પુણ્યાર્થે તેમના પરિવાર દ્વારા એક ભવ્ય 'સેવા યજ્ઞ' અને આરોગ્ય સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાકાર્ય તા. ૧૮/૧૨/૨૫ ને ગુરુવારના રોજ પ્રાચી તીર્થ ખાતે શ્રી કોળી સમાજ ભવનમાં યોજાશે. આ સમગ્ર આયોજન પત્રકાર જાદવભાઈ ઉકાભાઈ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત ત્રણ મુખ્ય સેવા કાર્યો યોજાશે. ૧૧૭મો શ્રી સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ નિદાન કેમ્પમાં રણછોડદાસજી આંખની હોસ્પિટલ, રાજકોટના નિષ્ણાત ડોક્ટરોની ટીમ સેવા આપશે. સાથે હાડવૈદ અને જનરલ ચેકઅપ નિદાન કેમ્પમાં હમીરભાઈ (પ્રાચી), રવિરાજભાઈ, ભુપતભાઈ તાલાળા અને ડૉ. રોહિતભાઈ પટેલ (સાવલિયા, પ્રાચી) જેવા અનુભવી વૈદો અને ડોક્ટરો માર્ગદર્શન આપશે. આ સાથે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા ધાર્મિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે આંખના દર્દીઓએ સમયસર નોંધણી કરાવવા માટે પત્રકાર જાદવભાઈ ચુડાસમા (મો. ૯૯૭૮૫ ૨૩૧૮૨)નો સંપર્ક કરવો.

# ધોરાજીની લોક અદાલતમાં વાહન અકસ્માતના ૪ કેસમાં ૧.૪૮ કરોડનું વળતર ચૂકવાયું: ૭૦ લાખથી વધુ રકમના ચેક રિટર્નના કેસમાં સમાધાન

ધોરાજી, તા.૧૪

ધોરાજી ખાતે ન્યાયાલયમાં નેશનલ લોક અદાલત કાર્યક્રમ યોજાયો હતો. આ લોક અદાલતમાં વાહન અકસ્માતના કુલ ચાર કેસમાં સમાધાન થયેલું, જે તમામ કેસમાં ઈન્સ્યોરન્સ કંપનીના અધિકારીઓના સહકારથી રૂ.૧ કરોડ ૪૮ લાખ ૪૦ હજાર વળતર પેટે ચૂકવાયા હતા. તાલુકા લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરપર્સન અને ધોરાજીના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ સુનિલકુમાર



તસવીર : નયન કુહાડીયા

વાઘે જણાવ્યું હતું કે, નેશનલ લોક અદાલતના ઊંડા હેતુ સિદ્ધ કરવા માટે ધોરાજી વકીલ મંડળના સાથ સહકારથી ૨૯૬ કેસ આજરોજ ફેશલ થયા છે. જેમાં વેપારીઓના લેણા અંગેના ચેક રિટર્નના કેસમાં લગભગ રૂ.૭૦ લાખથી વધારે રકમના સમાધાન થયા છે અને અન્ય ગુનાઓમાં પણ આરોપી પક્ષે કબુલાત આપતા સરકારને દંડની આવક થયેલી છે. આ પ્રકારે બધાના સાથ સહકારથી ધોરાજી કોર્ટના આશરે ૧૫% જેટલું લીટીગેશન પણ ઓછું થયું છે. સાથોસાથ જજ સુનિલ કુમાર વાઘે જણાવેલ કે રાષ્ટ્રીયકૃત બેંકો અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના પણ પ્રી-લીટીગેશન લોક અદાલતનું આયોજન હતું, જેમાં ૪૭ કેસમાં સમાધાન થયેલું હતું. જેથી ધોરાજી કોર્ટમાં ૪૭ કેસ ફાઈલ થતા પહેલા જ સમાધાન થઈ ગયું અને ખરા અર્થમાં લોક અદાલતનો હેતુ પક્ષકારો અને વકીલોના સહકારથી સિદ્ધ થયો.

# દુબઈમાં 'ઓટોમેકેનિકા' એક્ઝિબિશનમાં સોલાન્સ બેટરીઝ અને અલ ઘુરૈર કંપનીનો સ્ટોલ સફળ

**સોલાન્સ બેટરીઝના ડિરેક્ટર સંદિપ રાજપરા, કુણાલ ડાવરા અને હાર્દીક કોટડિયાના નેતૃત્વમાં સ્ટોલને મળી સફળતા**

દુબઈ,તા.૧૪

દુબઈ (DUBAI) મુકામે વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે તારીખ ૯ થી ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી યોજાયેલ વિશ્વ કક્ષાના ઓટોમેકેનિકા એક્ઝિબિશનમાં સોલાન્સ બેટરીઝ (SOLANCE



BATTERIES) અમદાવાદ અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) ખાતેના સોલાન્સ બેટરીઝના ડિસ્ટ્રીબ્યુટર્સ અલ ઘુરૈર (AL GHURAIR) કંપનીના સંયુક્ત ઉપક્રમે એક્ઝિબિશન સ્ટોલ સફળ થયેલ છે. અલ ઘુરૈર કંપની વિશ્વની મધ્ય-પૂર્વની સૌથી પ્રતિષ્ઠિત કંપનીઓ પૈકીની એક છે. આ પ્રતિવર્ષીય એક્ઝિબિશનમાં અલ ઘુરૈરના સીઈઓ અને મુખ્ય વહિવટકર્તા ઉપરાંત સોલાન્સ બેટરીઝના ડાયરેક્ટર સંદિપ રાજપરા, કુણાલ ડાવરા અને હાર્દીક કોટડિયાના નેતૃત્વમાં આ સ્ટોલ ખૂબ જ સફળ રહ્યો હતો. આ ક્ષેત્રના વિશ્વભરના બિઝનેસમેનોએ હાજરી આપીને સોલાન્સ બેટરીઝની વિવિધ પ્રોડક્ટ્સની રસપ્રદ રીતે માહિતી મેળવીને પ્રશંસા વ્યક્ત કરી હતી.

સરકાર ફી અંગે યોગ્ય ગાઈડલાઈન નક્કી કરે તેવી વાલીઓની માંગ

# અમરેલી જિલ્લામાં વધું એક શાળામાં ફી કૌભાંડ: ડાયમંડ એસોસિએશનના પ્રમુખ દ્વારા તપાસની કરાઈ માંગ

અમરેલી,તા.૧૪

હીરા ઉદ્યોગમાં મંદીને કારણે બાળકોના શિક્ષણ પર અસર પડતી હોવાની રજૂઆતો બાદ રાજ્ય સરકારે રત્ન કલાકારોના બાળકોને શાળાની ફી માટે રાહત પેકેજની જાહેરાત કરી હતી. સરકારનો ઉદ્દેશ તો રત્ન કલાકારોના પરિવારજનોને આર્થિક મદદ કરવાનો હતો પરંતુ આ રાહત પેકેજનો લાભ અમરેલી જિલ્લાની અમુક શાળાઓના સંચાલકો પોતાના આર્થિક હિત માટે લઈ રહ્યા હોવાની ફરિયાદો જિલ્લામાંથી ઉઠવા પામી છે. થોડા દિવસ પહેલા જ કરિયાણા ગામે ખાનગી શાળાના સંચાલકો વધુ ફી લેતા હોવાના આક્ષેપો બાદ આજે વધુ એક શાળા સંચાલકો સામે આક્ષેપો થયા છે. દામનગરમાં આવેલી નવજયોત સ્કૂલના સંચાલકો સામે પણ અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ લલિતભાઈ ઠુંમર તેમજ દામનગર ડાયમંડ એસોસિએશને ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ કરી છે. તેમણે નવજ્યોત સ્કૂલ દામનગર દ્વારા બાળકોની સ્કૂલ ફી રસીદ સામે રાહત પેકેજમાંથી આવેલી વધારે રકમ જમા લીધેલ હોવાનું જણાવ્યું છે. આ અંગે કલેકટર, જિલ્લા શિક્ષણ અધિકારી અને ઉદ્યોગ કેન્દ્ર અમરેલીને પણ ફરિયાદ કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલે જણાવ્યું છે કે જો કોઈ આવી ફરિયાદ આવશે તો તેની સામે યોગ્ય તપાસ કરવામાં આવશે.

# અમરેલીના વિઠ્ઠલપુર ખંભાળીયામાં ખેતી કામ કરી રહેલા મજૂર પર સિંહે હુમલો કર્યો

અમરેલી,તા.૧૪



અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓના હુમલાની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળીયાની સીમ વિસ્તારમાં એક ખેતમજૂર પર સિંહે હુમલો કર્યો હતો. આ હુમલામાં મજૂરને કમરના ભાગે ઈજાઓ થતાં તેને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. મધ્યપ્રદેશના વતની કેરમ છીડાભાઈ નાયક વાડીમાં પાણી વાળી રહ્યા હતા. તે સમયે અચાનક પાછળથી આવેલા સિંહે તેમના પર હુમલો કર્યો હતો. કેરમભાઈએ જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સિંહે તેમને કમરના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. આ દરમિયાન અન્ય મજૂરોએ કેરમભાઈની ચીસો સાંભળીને હાકલા-પડકારા કરતા સિંહ ત્યાંથી ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત મજૂરને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક ખેડૂતો અને લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

# CM ભૂપેન્દ્ર પટેલ, ડે.સીએમ અને પ્રદેશ પ્રમુખની દિલ્હીમાં PM અને શાહ સાથે બેઠક

અમદાવાદ,તા.૧૪



રાજ્યના મુખ્યમંત્રીના ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ગુજસેલથી સરકારના વિમાનમાં દિલ્હી ખાતે પહોંચ્યા હતા. ગુજરાતના ત્રણેય નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠક કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ્થાને ગુજરાત ભાજપના નવા સંગઠનને લઈને ચર્ચા કરાઈ હતી. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ટૂંક સમયમાં ગુજરાત ભાજપના નવા સંગઠનની જાહેરાત થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, PM મોદી સાથેની ત્રણેય નેતાઓની દિલ્હી ખાતે આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદ અમિત શાહ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી રત્નાકર પણ ઉપસ્થિત હતા.

# નોકરીની લાલચ અને દેહ વ્યાપારનો ખેલ, ગુજરાતમાં બાંગ્લાદેશી યુવતીઓની તસ્કરી

ભરૂચ,તા.૧૪



ભરૂચ પોલીસે બાંગ્લાદેશમાંથી મહિલાઓની તસ્કરી કરીને તેમને દેહ વ્યાપારમાં ધકેલનારા એક આંતર-રાજ્ય રેકેટનો ભાંડો ફોડ્યો છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની સંયુક્ત કાર્યવાહીમાં બાંગ્લાદેશી એજન્ટ ફારૂક શેખ સહિત ૪ દલાલોની ધરપકડ કરવામાં આવી છે. આ ઓપરેશનમાં ૧૨ બાંગ્લાદેશી અને ૨ પશ્ચિમ બંગાળની યુવતીઓને બચાવવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, બાંગ્લાદેશમાં આર્થિક રીતે નબળી મહિલાઓને ઘરના કામ, બ્યુટીપાર્લર અને સલૂનમાં નોકરી આપવાનું આકર્ષણ આપીને ભારત લાવવામાં આવતી હતી. ત્યારબાદ તેમને ભરૂચ, અંકલેશ્વર સહિત ગુજરાતના અન્ય વિસ્તારોની સાથે ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં સ્પા અને ગેસ્ટ હાઉસમાં સેક્સ વર્કર તરીકે કામ કરવા માટે મજબૂર કરાતી હતી. આ પ્રવૃત્તિ સતત ચાલી રહી હતી. પોલીસ અધિક્ષક અક્ષય રાજ મકવાણાએ જણાવ્યું કે ગુપ્ત માહિતીના આધારે એલસીબી અને એસઓજી ટીમોએ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

# રાજકોટના અણીયારા ગામમાં તુવેર વચ્ચે ગાંજાનું વાવેતર ઝડપાયું



રાજકોટ, તા.૧૪

રાજકોટ શહેર આજીડેમ પોલીસે અણીયારા ગામની સીમમાં ઘઉં અને તુવેરની ખેતી વચ્ચે કરવામાં આવેલ ગાંજાનું વાવેતર ઝડપી પાડ્યું છે. પોલીસે ૬૪ ગાંજાના છોડ સહિત ભીનો અને સૂકો મળી કુલ ૨૨૩ કિલો ગાંજો જપ્ત કર્યો છે, જેની કિંમત અંદાજે રૂ.૧.૧૧ કરોડ છે. આ મામલે આરોપી હના સુવા ગાબુની ધરપકડ કરવામાં આવી છે. દેવું થઈ જતા છેલ્લા દોઢ વર્ષથી ગાંજાની ખેતી કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# અંબાજીમાં જંગલ જમીન વિવાદ : સ્થાનિકોએ પોલીસ પર કર્યો પથ્થરમારો

અંબાજી,તા.૧૪




બનાસકાંઠાના પ્રખ્યાત યાત્રાધામ અંબાજી નજીક ગબ્બર રોડ પર પથ્થરમારાનો ગંભીર બનાવ બન્યો છે. પડાળિયા ગામમાં જંગલ જમીન અંગે સ્થાનિકો અને વન વિભાગ વચ્ચે તણાવ સર્જાયો હતો, જે બાદમાં હિંસક બન્યો હતો. સ્થાનિકોએ વન અધિકારીઓ પર પથ્થરમારો કરતા પરિસ્થિતિ તંગ બની ગઈ. વન અધિકારીઓ પર પથ્થરમારો થયા બાદ નાસભાગ મચી ગઈ.

ઘટનાના સમાચાર મળતાં જ અંબાજી પોલીસ અને અન્ય પોલીસ દળો ઘટનાસ્થળે પહોંચ્યા. પથ્થરમારામાં વન વિભાગ અને પોલીસના ઘણા કર્મચારીઓ ઘાયલ થયા હતા અને તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પડાલિયા ગામમાં વન વિભાગના કર્મચારીઓ પર થયેલા હુમલા અંગે વન અધિકારીઓએ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ અંબાજી પોલીસ ઈન્સ્પેક્ટર આર. બી. ગોહિલ પોલીસ સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ દરમિયાન સ્થાનિકોએ પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. ગોહિલ પર તીરથી હુમલો કર્યો હતો. તેમને કાનમાં તીર વાગવાથી તેઓ બેભાન થઈ ગયા હતા.

# અમદાવાદના નારોલમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટથી ભીષણ આગ : બેના મોત, એક ગંભીર

અમદાવાદ,તા.૧૪



અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી શાહવાડીની સત્યમ નગર સોસાયટીમાં શનિવારે રાત્રે એક દુઃખદ અકસ્માત સર્જાયો હતો. ઘરેલુ ગેસ સિલિન્ડરમાં લીકેજ થવાથી આગ લાગી, જે પછી સિલિન્ડરમાં જોરદાર બ્લાસ્ટ થતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં બે વ્યક્તિઓના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે દાઝી જવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટના શાહવાડી વિસ્તારની સત્યમ નગર સોસાયટીમાં એક મકાનમાં બની હતી. પ્રાથમિક માહિતી અનુસાર, રસોઈ દરમિયાન અથવા અન્ય કારણોસર ગેસ સિલિન્ડરમાંથી ગેસ લીક થયો હતો. લીકેજને કારણે આગ લાગી અને ત્યાર પછી સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો, જેના કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. જેમાં આગની લપેટમાં આવેલા ત્રણ વ્યક્તિઓમાંથી બેના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ત્રીજા વ્યક્તિને ગંભીર રીતે દાઝી ગયો હોવાથી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકો અને ઈજાગ્રસ્તની ઓળખાણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી.

















